નામાંકીત પારસી વડાઓનું

અહુર્મ

શેઠ ફરામજી કાવસજી બનાજીની સાહસીક પરમાર્થી જીંદગીના ટુંક અહેવાલ.

રચનાર

શાવકશાહ હોરમસજી આબન.બા.

1918.



નામાંકીત પારસી વડવાઓ.

મર્હુમ

શેઠ ફરામજી કાવસજી બનાજીની સાહસીક પરમાર્થી જીંદગીના ટુંક અહેવાલ.

રચનાર:

શાવકશાહ હોરમસજી ઝાબવાળા.

1918.

Printed by P. C. Appoo at The New Art Printing Press,
No. 13, Nanabhoy Lane, Fort, and Published by
Behman S. J. Banaji, Dina Building,
Gowalia Tank Road, Bombay.

પ્રસ્તાવના.

બનાજી ખાનદાન ને સુબોધ વચનો.

મારા પ્રિય ખેશીઓ,

આપણા માનવંત વડવા શેઠ ફરામજી કાવસજી કે જેવણના આપણે અતયંત આભારી છીએ, તેવણની જીંદગીનો હેવાલ લખી પ્રગટ કરવાની મારી લાંબો વખત થયા ઉમેદ હતી, તેટલાં મારા મીત્ર મી. ઝાબવાલા એ શેઠની જીંદગીનો ટુંક હેવાલ લખી મારી આગળ લઇ આવ્યા. એ હેવાલમાં કેટલીક અગત્યની વિગતો જે કેટલેક ઠેકાણેથી મેં મેળવી આપી હતી તે ઉમેરવામાં આવી છે. મી. સોરાબજી નાનાભાઇ બનાજીએ જે અગત્યની વીગતો પુરી પાડી છે તે માટે એવણનો ઉપકાર માનવામાં આવે છે. મી. ઝાબવાળાએ લખેલો હેવાલ મને પ્રગટ કરવાને ઘણી ખુશાલી ઉપજે છે અને એવણે જે મેહનત લીધી છે તે માટે આપણું કુટુંબ એવણને પુરતો બદલો આપશે એવી આશા રાખવામાં આવે છે.

આપણા નામાંકીત વડવાની જીંદગી આપણને શું યાદ આપે છે?

Lives of greatmen all remind us,
We can make our lives sublime,

લોંગફેલો કવીના જણાવ્યા મુજબ આપણા નામાંકિત વડવાની જીંદગી આપણને યાદ આપે છે કે આપણે આપણી જીંદગી ઉત્તમ બનાવી શકયે. આ પુસ્તક પ્રગટ કરવાની મારી મુખ્ય નેમ એજ છે કે મારા પ્રિય ખેશીઓ પોતાના નામવર વડવાની જીંદગીનો હેવાલ વાંચે અને પોતાના છોકરાંઓને વંચાવે અને એ વડવા જે સદગુણોથી કીર્તીવંત થયા તે સદગુણોનો અભ્યાસ કરે અને તે સદગુણો વાપરી પોતે પણ ઉમદા જીંદગી ગુજારી પોતાના વડવાની તેમજ બનાજી ખાનદાનની કીર્તીમાં વધારો કરે, માટે એ વડવાના થોડાક સદગુણો અત્રે રજુ કરવાની રજા લઉં છુ.

સદગુણનો વારસો સર્વેથી ઉત્તમ છે.

આપણને એ બેહેસ્તી વડવા તરફથી દોલતનો વારસો મળ્યો છે એટલુંજ નહીં પણ તેઓના ઉત્તમ સદગુણો અને કીર્તીનો વારસો પણ મળ્યો છે જેથી બનાજી ખાનદાન પારસી કોમમાં માન પામેલું થયું છે. પૈસાનો વારસો તકલીફી છે. પૈસા આવે છે અને થોડા વખતમાં તેને પાંખ આવી ઉડી જાય છે, પણ સદગુણનો વારસો જાવેદાનનો છે, તે વરસો સુધી પુસ્તકોમાં, ઉમદા કામોમાં, તેઓના નામથી થયલાં ધર્મખાતાંઓમાં જળવાઇ રહેશે અને ઓલાદમાં એકેકના લોહી મારફતે ઉતરી સચવાઈ રહેશે. આપણાં લોહી વડે એ નામાંકીત વડવાંના સદગુણોનો

વારસો આપણને મળ્યો છે, જે ઉમદા જીંદગી ગુજારવાથી દીન પર દીન વધયો જશે, લોકોમાં પ્રગટ થતો જશે, અને આપણી ઓલાદને પાછો આપણા લોહી મારફતે આપતાં જઇશુ અને આ વારસો આવી રીતે બનાજી ખાનદાનમાં જાવેદાન સાચવી રાખી શકીશું.

જીંદગીની નેમ.

આપણી જીંદગીની નેમ કાંઇ ફક્ત દુન્યાની મોજ મજાહ અને ખાવાપીવામાં સમાયલી નથી, પણ આપણા કુટુંબ તરફની, ખુદા તરફની, કોમ અને દેશ તરફની ફરજો બજાવવામાં સમાયલી છે અને જેટલા પ્રમાણમાં આપણી આ ફરજો ઉમદા હેતુથી બજાવીશું તેટલા પ્રમાણમાં જીંદગીની ખરી શ્રેષ્ટાઇ અને સુખ ભોગવી શકીશું.

આપણને બે રીતની જીંદગી ગુજારવી પડે છે; એક ખાનગી અને બીજી જાહેર. ખાનગી જીંદગીમાં કુટુંબી ફરજો અને જાહેર જીંદગીમાં ધર્મ, કોમ અને દેશ તરફની ફરજો બજાવવી પડે છે. આપણા વડવાની ઉત્તમ ખાનગી અને જાહેર જીંદગી વડે એ ફરજો આપણે ઉમદા રીતે કેમ બજાવી શકયે તે હવે તપાસ્યે.

ખાનગી જીંદગી.

કેટલાક મોટા માણસોની ખાનગી જીંદગી ઉમદા અને પવિત્ર હોતી નથી, પણ આપણા વડવાની ખાનગી જીંદગી પણ ઘણી પવિત્ર હતી પોતાની બાઈડી, છોકરાં તરફની

દરેક ફરજો ઘણી ઉમદા રીતે બજાવી ગયા છે. પોતાનાં ધણયાણી જો કે ખુબસુરત ન હતાં તે છતાં તેઓ સાથે ઉત્તમ સદગુણથી વરતતા હતા. આપ બળથી, સાહસીક અને ઉદયોગીપણાથી લખો રૂપીયા તેઓએ ભેગા કીધા, અને એવણની વંશપરંપરા દરેક વારસો પૈસાથી સુખી રહે તે માટે ઘણું કષ્ટ ખમી આંઠ ગામોનું મોટું પવાઈ એસ-ટેટ ઘણીજ આબાદ હાલતમાં મુકી ગયા હતા. પોતાનાં કુટુંબમાં પોતાના ધર્મની રાહ રસમો ઘણીજ ચીવટાઇથી પાળતા હતા અને ધર્મી જીંદગી ગુજારતા હતા.

પ્રિય ખેશીઓ! આ વડવાને પગલે ચાલી કુટુંબ તરફની દરેક ફરજો આવી રીતે આપણે બજાવવી જોઇએ. આપણા બાઇડી છોકરાં તરફ ઉમદા સદગુણો વાપરવાની અને ધાર્મીક જીંદગી ગુજારવાની આપણે દરેક કોશેશ કરવી જોઇએ.

જાહેર જીંદગી.

આપણને કુટુંબ તરફની ફરજો ઉપરાંત કોમ, ધર્મ અને દેશ તરફની ફરજો પણ બજાવવાની છે, જે ફરજો આપણા નામવર વડવાએ ઘણી ઉમદા રીતે બજાવી હતી. જેથી લોકોનો ચાહ અને માન મેળવી શકયા હતા. જેટલી એવણની ખાનગી જીંદગી પવિત્ર અને ઉત્તમ સદગુણોથી ભરપુર હતી તેટલીજ એવણની જાહેર જીંદગી શ્રેષ્ટ હતી. મુંબઇમાં જાહેર જીંદગીનો પાયો નાખનાર પણ એજ નામવર હતા. એવણ જાહેર જીંદગીમાં સુધા, સાચા, સ્વતંત્ર

અને પવિત્ર હતા, અને જાહેર જીંદગીની ફરજો બજાવવામાં કોઇની ખુશામદ અથવા હલકાઇ કરતા હતા નહીં; અથવા માનચાંદ કે મોટો ઓધો મેળવવાની અંતર ખાયશ ધરાવતા હતા નહીં, પણ બિનસ્વાર્થે સેવા બજાવતા હતા. એવણુને માટે એવું કહેવામાં આવે છે કે:–

"Never stooping, nor lying in wait,
For wealth or honour or worldly state"

દોલત, માન અકરામ અથવા દુન્યાઇ મોટાઇ મેળવવા કદીપણ હલકાઇ કરતા અથવા ખાયશ ધરાવતા ન હતા. એવું કહેવામાં આવે છે કે એવણુને સરકારે "નાઇટ હુડ" નો ખેતાબ આપવા માંગ્યો જે લેવા સાફ ના પાડયો હતો. સરકાર તરફની ફરજો બજાવતાં તેઓની ખુશામદ કરતા ન હતા. જેથી ગવરનરો કામ પડતાં એવણુને ઘરે આવી પોતે મુલાકાત આપતા હતા.

કોમ અને ધર્મ તરફની ફરજો બજાવવા લખ્ખો રૂપીયા ખરચી આતશ બેહરામ અને દોખમાં બંધાવ્યાં હતાં અને ઘણાક ધર્મ ખાતાંઓને મદદ કરી હતી

દેશની સેવા બજાવવા:–જાહેર ખાતાંઓ, મંડળો અને કેળવણી ખાતાંઓને ઘણી મદદ કરતા હતા. સ્ત્રી કેળવણીનો ફેલાવો કરવામાં પણ એવણુ પહેલાજ હતા. વળી મુંબઇ શેહરને પાણી પુરૂં પાડવા લખ્ખો રૂપીયા ખરચી ધોબી તળાવ, બે ટાંકી, મુગભાતના કુવાઓ વગેરે બંધાવ્યા હતા.

પ્રિય ખેશીઓ ! આપણે સર્વે આવી ઉમદા જાહેર જીંદગી ગુજારવાની કોશેશ કરવી જોઇયે અને જ્યારે આપણા કુટુંબના ઘણાક નબીરાઓ આવા સદગુણોથી જાહેર જીંદગી ગુજારતા થશે ત્યારેજ બનાજી ખાનદાનનું ઉમદા લોહી જાહેર થશે.

બનાજી ખાનદાનની જાહોજલાલીનો ભેદ.

બનાજી ખાનદાને ગવરનરો અને વાઇસરોય તરફથી ઉત્તમ માન મેળવ્યું હતું. પારસી કોમના પહેલા વડા અકાબર થવાનું માન તેઓ ૬) પહેડીવેર, અને પહેલો "દાવર" નો એલકાબ મેળવનાર પણ બનાજીઓ હતા, પારસી કોમના "શાહ વેપારી" તરીકે પણ બનાજીઓજ હતા, ૩૬) વાહણો ધરાવનાર, અને દેશપરદેશ સાથ કરોડો રૂપીયાનો વેપાર ચલાવનાર, અને લખ્ખો રૂપીયાની સખાવત કરનારા પણ બનાજીઓજ હતા. આ સર્વે જાહોજલાલીનો ખરેખરો ભેદ જાણવો હોય તો એજ છે કે બનાજી ખાનદાનના વડવાઓ સુધા, સાચ્ચા, સ્વતંત્ર, પવિત્ર, ધાર્મીક, અને સાહસીક વેપારી હતા અને ઉદાર અને સખી દીલ ગુરદો ધરાવતા હતા, માટે પ્રિય ખેશીઓ ! બનાજી ખાનદાનની જાહોજલાલી પાછી સજીવન કરવા માગતા હોવો તો આવા સદગુણો ખીલવજો અને સાહસીક વેપારી થજો.

મા બાપોને અરજ.

બનાજી ખાનદાનના દરેક મા બાપોને અરજ કરવામાં આવે છે કે આપણા નામવર વડવા શેઠ ફરામજી કાવશજીની જીંદગીના હેવાલની આ ચોપડી પોતાના છોકરાંઓને એકેકી ભેટ આપવી અને તેઓ પાસે વારંવાર વંચાવવી અને બચપણથીજ એવણના જેવા સદગુણો દરેક કાર્યમાં વાપરવાની કેળવણી આપવી અને તેઓને સાહસીક વેપારી બનાવવાની કોશેશ કરવી.

દુવા ગુજારી.

આ ચોપડી તમો સનમુખ રજુ કરતાં હું એવી દુવા ગુજારૂં છું કે આપણા નામવર વડવા શેઠ ફરામજી કાવસજીની જીંદગીનો હેવાલ વાંચનારમાં એઓના જેવા સદગુણો ખીળી નીકળે અને તે કીરતારની મદદથી અને એ વડવાનાં રૂહના આશીશથી આ નામાંકીત ખાનદાનના નબીરાઓમાંથી ઘણાક નામવર અને શાહ વેપારીઓ પાછા ઉગી નીકળે અને પોતાના કુટુંબની જાહોજલાલી પાછી દીપાવે અને આપણી કોમ, ધર્મ અને દેશની ઉનંતી કરે! આમીન!!!

દીના બીલડીંગ
ગોવાળ્યા ટેન્ક રોડ,
મુંબઇ તા. ૧૧-૧૦-૧૮.

સેવક,
બેહમન સોરાબજી બનાજી.
પ્રગટ કર્તા.

દીબાચો.

પુરાણું ઇરાન વતન અને તેમાં થઇ ગયલા મહાન પારસી શાહેનશાહોને લગતી એક ટૂંકી તવારીખ મેં લખી હતી. તે બાહેર પડયા પછી એવો વિચાર સુઝયો કે તેજ રીતે પારસીઓ અત્રે આવી વસ્યા પછી તેઓમાં જે કોઇ નામવરો થઇ ગયા હોય તેમનાં દાસ્તાનો લખવાં કે જેથી હાલના પારસીઓને ખ્યાલ મળે કે ખુદ હિંદમાં આવી વસયા બાદ આપણે જે ઉત્તમ ગુણોનો ભંડાર આપણી સાથે અત્રે લાવ્યા હતા તે સર્વે ઉપયોગી થઇ પડયા હતા; અને તેને જોરે ધર્મ સાચવ્યો હતો. વેપાર વણજ, ધંધા-ધાપા સ્થાપ્યા હતા અને મોટી દોલત પેદા કીધી હતી, રાજ સેવા બજાવી હતી, સંસાર સુધારા વિગેરેમાં હિંદી કોમોમાં આપણે આગેવાન ભાગ ભજવ્યો હતો. ગોયા હિંદી પ્રજાનાં બંધારણમાં આપણે જરો જહેમતના કશી પણ વાણુ કીધી નહોતી. પારસીપણું જાળવવાનો એક માર્ગ મજહબ ઉપરનો એતેકાદ વધવો જોઇએ એ એક છે જ્યારે બીજો કોમી તવારીખ વંચાય છે કે જેથી પુરાતનપણાંનો જુસ્સાનો આતશ સદા કાળને માટે આપણાં જીગરમાં બળતો રહે.

આ નેમથી મેં એક હારમાળા લખવાનો ઇરાદો કર્યો છે જેમાં જે મહાન પારસી નરોએ કોમ તેમજ હિંદુસ્થાનનું ભલું કીધું છે તેમની જીંદગીનાં ટુંક અહેવાલ આપવામાં આવશે. આ હારમાળામાં પહેલું પુસ્તક શેઠ ફરામજી કાવશજી બનાજીનું હું મુકું છું જે વાંચવથી આ મહાન નરની થોડાક કારકીર્દીનો ખ્યાલ વાંચનારાઓને આવી શકશે.

આ ચોપડી છપાવવામાં બનાજી ખાનદાન તરફથી જે મને કીંમતી મદદ મલી છે તે માટે તે ખાનદાનનો આ ટકે આભાર માનું છું.

કર્તા.

શેઠ ફરામજી કાવશજી બનાજીની જીંદગીનો હેવાલ.

હિંદ દેશમાં ઉતરેલા પુરાણા પારસી વડવાઓ.

કાદસીયાની લડાઇ પછી ઇસ્લામીઓના જુલમમાંથી છુટવા ઇરાની પારસીઓ ઇરાનથી નાસી આવી દીવ બંદરે ઉતરી સંજાણ ખાતે પોતાનો મુકામ નાંખ્યો અને તે સર્વેને ભલા અને પ્રતાપી હિંદુ રાજા જાદીરાણાએ હિંદ માતૃ-ભૂમિમાં તેમને વસવાટ કરવા દેવાની પરવાનગી આપી એ સૌ ખરા તવારીખી બનાવો તરીકે આજ સુધી પારસી ફીરકામાં જળવાયલું રહેલું છે, અને તે ઉપર હવે વધુ ચુનોચેરા કરવામાં આવતી નથી; એટલે પારસીઓના અત્રે નાસી આવવા પછી તેમની તવારીખ ગુજરાતના પ્રદેશ કે જ્યાં તેઓમાંના ઘણાંકે વાસો કર્યો હતો ત્યાંથી શરૂ થાય છે. આ મહાન પારસીઓમાં જેટલાની તવારીખ નોંધાઇ છે તે સર્વે પારસી કીર્તીના ગોયા સ્થંભ મીસાલ થઇ ગયા છે. આગળ વધીને કહીશું તો પારસી કોમને પાછી નીસ્તીમાંથી હસ્તીમાં લાવવા આ સઘળા માનવંત પૂર્વજોએ કશું પણ કરવામાં બકાત રાખ્યું ન હતું. આ પારસીઓથી હિંદિવાન પારસીઓની તવારીખની શરૂઆત થાય છે.

એ પારસીઓમાં કેટલાકો ધંધાધાપા, વેપાર વણજમાં, કેટલાકો લડાયક કુશળતામાં અને બીજાઓ રાજ્યદવારી કારોબારમાં એટલા તો આગળ વધેલા હતા કે તેઓ પારસીઓ ઉપરાંત ખુદ સામાન્ય હિંદિ પ્રજાનું પણ ભલું કરી ગયા હતા. જ્યારે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનું રાજય અત્રે સ્થપાયું હતું ત્યારે તેઓએ હિંદી પ્રજાની બનાવટમાં પણ ગોયા એક રીતનો ભાગ ભજવ્યો હતો કે જેની શાહદત આજ સુધી જુનાપુરાણા લેખો તેમજ અંગ્રેજી અને બીજી ભાષામાં લખાયેલી કીતાબોમાં જળવાયલી રહેલી છે. સુરત ખાતે કંપનીએ પહેલ વેહેલી પોતાની કોઠી સ્થાપી હતી એટલે ત્યાં આજ સુધી પણ જુનીપુરાણી પારસી ઇમારતો યા પારસી હસ્તકના ખંડીએરો તથા મુલાંફીરોઝ ખડકી અને હાલ જ્યાં મીશન સ્કુલો છે તેમજ નવાબ સાહેબનું મકાન છે, અને કીલ્લો કે જ્યાં આગળ હાલ કોર્ટ ભરાય છે એ વિગેરે લત્તાઓની જો તપાસ લેવામાં આવે અને ત્યાંના પુરાણા આદમીઓની દંતકથા સાંભળવામાં આવે તો કંપનીના જમાનામાં પારસીઓએ જે શુરાતનપણું, જે કીરતી અને જે નામદારી મેળવી હતી તેનો છાપ આપણાં મગજપર પડયા વગર રહે નહિ.

આજેબી કેટલાંક પારસી ખાનદાનો કે જેઓએ મુંબઇમાં વસવાટ કર્યો છે તેઓની અસલ ઓલાદ અને તેઓએ બજાવેલાં કીર્તીવંત કામો કે જેના પ્રતાપે આજ સુધી તેમના વંશવેળાઓ પરવરદેગારની મહેરથી

સુખ ચેનમાં છે, તેઓ મોજુદ છે. જ્યારે મુંબઇનો ટાપુ ૧૬૬૨ માં અંગ્રેજોના હાથમાં આવ્યો અને આ માછીમારના ગામડામાં પહેલ વહેલી અંગ્રેજ કંપનીએ વસવાટ કર્યો ત્યારે તેમની સાથે પણ પારસીઓ ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી આવ્યા હતા અને કમ્પનીને અનેક પ્રકારની મદદ આપી હતી. આ પારસી ખાનદાનોમાં વાડીયાવાળાઓ, પટેલ ખાનદાન, બનાજી વિગેરે કુટુંબો-એ બહુ અગત્યનો ભાગ ભજવ્યો હતો. પુરાણી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના લેખોમાં તેમની સેવાઓની જાબજા સ્તુતી કરવામાં આવી છે. વળી એજ રીતે જ્યારે મુસલમાનો હિંદુઓ ઉપર ચઢાઇ કરતા ત્યારેપણ હિંદુઓ તરફથી અને જ્યારે લુટારાઓ લુંટ પાડતા ત્યારે બીનપનાહવાળા લોકો તરફથી પારસીઓ અનેક વેળા લડવા ઉતરતા.

બનાજી ખાનદાનના જમાના.

ફરામજી કાવસજી બનાજીના જમાના છેક ૧૭૫૦ થી શરૂ થાય છે એટલે કે તે વેળાએ બ્રીટીશ લોકોએ હજી પ્લાસીની લડાઇ લડીને હિન્દુસ્તાનમાં રાજ્ય સ્થાપનાની શરૂઆતબી નહિ કરી હતી. તે જમાનામાં મુંબઇ કે જ્યાં આગળ ફરામજીએ પોતાની નામના વધારી તેમજ પોતાની દોલત એકઠી કરી હતી તે હાલની રચનાનો સોમો ભાગ દર્શાવતું ન હતું. પારસીઓમાં તે વખતે નામીચા પુરૂષ સર જમશેદજી જીજીભાઇ હતા કે જેઓ સર નાઇટ નો ખેતાબ વટીક પામ્યા ન હતા. રાજ્ય હકુમત પણ

પોરચુગીઝ, સીદીલોક, અંગ્રેજલોક, મરાઠાલોક વિગેરેમાં વહેંચાઇ ગઇ હતી. જે પહેલ વહેલા પારસીઓ મુંબઇમાં આવી વસેલા તેઓ ખુદ અંગ્રેજલોકો કરતાં પણ અગાઉથી આવેલા જેઓમાં ખરશેદજી પહોંચાજી પાંડે કે જેવણ મહેરવાનજી ફરામજી પાંડે જેઓનું નામ પાંડેની ધર્મ-શાળા સાથે સદાનું જોડાયેલું છે, તેમના વડવા હતા તેઓનું નામ જણાય છે. એજ રીતે પટેલ ખાનદાનના વડા સ્થાપક દોરાબજીના ભાઇનું નામ પણ જણાય છે કે જેઓને પોર્ટુગીઝ સરકારે દેશીઓ સાથનાં રાજ્ય દવારી વિગેરે ખટપટી કામમાં રોકેલા હતા. એમના બેટા રસતમજી પણ એ જાતનું કામ અંગ્રેજ લોકના લાભમાં કરતા હતા. આ રસતમજીએ જંજીરાના સીદીઓ સામે મુંબઇનો બચાવ કરવા અર્થે સરકારને પોતાની સેવા અર્પણ કરી હતી પાછળથી એમને મુંબઇના પટેલનો ઇલકાબ મળ્યો હતો.

બનાજી ખાનદાનના સ્થાપક.

ત્યારબાદ બનાજી ખાનદાન આપણું ખાસ ધ્યાન રોકે છે. આ ખાનદાનનું નામ તેના મૂળ સ્થાપક બનાજી લીમજી ઉપરથી પડયું છે. પહેલા બનાજી મૂળ સુરત આગળ આવેલાં ભગવાદાંડી ગામમાં જન્મ્યા હતા. સુરતમાંથી કોઠી જ્યારે ઉપડી ગઇ અને અંગ્રેજલોકોનો વસવાટ તેમજ વેપાર મુંબઇ તરફ રચાયો ત્યારે ૧૬૯૦ માં બનાજી મુંબઇ ખાતે આવ્યા. ઇસ્ટ ઇન્ડીઆ કંપનીમાં એમને કંઇ વેપારી

નોકરી મળી પણ પાછળથી નોકરી પસંદ પડી નહિ; કારણ કે પોતે સાહસીક અને આપબળથી વધવાની ઉમેદ રાખતા હોવાથી પાંચપચીસ રૂપરડીની નોકરી કરવી ગમે નહિ અને પોતાના જોખમે સ્વતંત્ર વેપાર વણજમાં ઝુપલાવ્યું. તે જમાનામાં ચીન, બરમા, સીયામ, વિગેરે મુલકો સાથે અફીણ, રેશમ, વિગેરે વસ્તુનો ધમધોકાર વેપાર ચાલતો. ગામઠી વહાણોમાં આ સર્વ માલ ભરાઇ આવતો અને જતો. છ મહીને, બાર મહીને, વહાણો આવે ને જાય પણ લખ્ખો અને કરોડોની દોલત આ પ્રમાણે સાહસીક વેપારીના હાથમાં આવતી અને તેવી રીતે શરૂઆતથી પારસીઓ પાસે દોલત ઘણી વધી ગઇ. બનાજી લીમજી તેઓમાંના ભાગ્યશાળી નર હતા. તેવણે પહેલ વહેલો બ્રહ્મદેશ સાથે પોતાનો વેપાર શરૂ કરવા અર્થે ખુદ ત્યાં વહાણ મારફતે ઘણીક હાડમારી વેઠીને ગયા હતા. તે વેળાએ બ્રહ્મદેશમાં અંગ્રેજ લોકોનો હક્ક ઇલાકો હતો નહિ. અને જંગલી ઝનુની લોકો તેમજ તેવા રાજા રહેતા હતા. બ્રહ્મદેશનો સમાગમ અંગ્રેજો સાથે છેક ૧૮૨૫ ના સાલમાં લૉર્ડ ઍમહર્સ્ટે શરૂ કર્યો હતો. બ્રહ્મદેશમાં તે વખતે સાગનું લાકડું, કીનખાબ, અને ચોખા તેમજ હાથી દાંત પુષ્કળ મળતાં હતાં, માત્ર તેમને લાવવા લઇ જવાની કહાણી હતી; છતાં પહેલા બનાજીએ આ સાહસ માથે ઉપાડયો હતો અને તેમાં સંપુર્ણ ફતેહ પામ્યા હતા. વળી પારસા દીલગુરદો અવલથી બહુ સખાવતી એટલે બનાજી-

એ જે બધી દોલત ભેગી કરેલી તેમાંથી તેવણે કેટલોક ભાગ પરગજુ કામમાં રોકયો હતો. બનાજીના પહેલ વહેલા સાહસમાંથી તેમને એકદમ સફળતા મળી નહિ એટલે બરમા ખાતેથી પહેલા પાછા ફરીને પોતે કંપનીનાં રાજ્યમાં પાછા જોડાયા હતા. પછીથી તેવણે ઘણી દોલત ભેગી કરી હતી. એમાંથી તેવણે કોટમાં એક આદરીયાન બંધાવેલું હતું કે જે આજ સુધી હૈયાત છે. પહેલા બનાજીએ જે ખાનદાની કીર્તીનો પાયો રચ્યો હતો તે ખુદ ફરામજી કાવસજી જેઓ આપણી તવારીખના નાયક છે તેઓએ તેને મજબૂત બનાવ્યો હતો.

બનાજીના દીકરાનો દીકરા શેઠ દાદાભાઇ.

પહેલા બનાજીના દીકરાનો દીકરા દાદાભાઈ બહેરામજી કરીને હતા. તેવણ ૧૮૦૦ અગાઉ પહેલ વહેલા કલકતા ખાતે વેપાર અર્થે ગયા હતા. કલકત્તામાં તે વખતે જેટલો સંસાર સુધારા માટે રાજારામ મોહનરાયની ચળવળથી જાગૃત થયેલો જુસ્સો વ્યાપી રહેલો હતો તેટલોજ વેપારી જુસ્સો પણ હતો અને તે વખતે બંગાલી શાહુકારો પાસે લખો ને કરોડોની પૂંજી હતી અને બંગાળ મોગલ શહેનશાહોના વડપણ નીચે હતું. આજેબી કલકત્તાની અંદર મારવાડી શાહુકારો છે કે જેઓએ બ્રીટીશ સરકારને કરોડોની લોન ભરી આપી છે. પણ હજી સુધી પારસી વેપારી ત્યાં મોટી સંખ્યામાં જીપલાયા નથી. ત્યારે તે જમાનામાં એક

તદન નવતરા પારસીએ કલકત્તામાં સ્વતંત્ર રીતે વેપારી પેઢી ખોલી હતી તેની અંદર કેટલી બાહોશી અને સાહસ જોઇએ તે સમજી શકાય એવું છે. આ દાદાભાઇએ પોતાનાં વેપારી વહાણો વટીક બાંધ્યાં હતાં જેમાના એકનું નામ "કારટીયર" કરીને રાખ્યું હતું. બંગાળમાં તે વખતે ત્યાંની કોઠીનો ગવરનર મી. કારટીયર કરીને હતો કે જેણે આ દાદાભાઇ બહેરામજીને અંગત મદદ આપી હતી. વેપાર વણજ ચલાવવામાં સગવડ કરી આપી હતી. પાછળથી કારટીયર અને દાદાભાઇ વચ્ચે બહુ ઘાડી મહોબત બાઝી હતી. દાદાભાઇએ બહુ દોલત મેલવેલી કારણ કે પાસે ને પાસે બરમા તેમજ ચીનના દેશ હતા. પારસી વહાણ બાંધનારાઓ ગણત્રીનાજ થઇ ગયા છે, જેઓમાં હીરજી અને મંચેરજી રેડીમની, લવજી નસરવાનજી વાડીયા કે જેઓ પાછળથી વાડીયાના નામે ઓળખાતા, જમશેદજી જીજીભાઇ, વિગેરે હતા. તેઓમાં આ દાદાભાઇ એક હતા.

આ દાદાભાઇ વિષે અત્રે જણાવવું જોઇએ કે તેઓ બનાજી લીમજીના ત્રણ બેટાઓ જેઓમાંના સૌથી વડા બહેરામજી હતા તેમના પાંચ બેટાઓમાંના ત્રીજા હતા. છેલ્લા બેટા કાવસજી હતા કે જેઓ ફરામજીના પિતા થતા હતા. બહેરામજી પોતાના બાપની પેઢીમાં ૧૭૩૪ માં જોડાયા હતા અને દાદી નશરવાનજી જેઓ પાછળથી દાદીશેઠને નામે ઓળખાતા હતા તેમને મુંબઇ લાવી વેપાર વણજમાં મદદ કર્તા આ બહેરામજી હતા. બહેરામજી અને દાદીશેઠ

દુબાશ વિગેરેનું સ્ટીમરને લગતું કામ બહુ મોટા પાયાપર કરતા હતા. બહેરામજી ૧૭૫૩ માં ગુજરી ગયા હતા. તેઓ પારસી પંચાયતના વડા શેઠીઆ હતા. **પંચાયત પહેલવહેલા એમના બાવા બનાજીના વખતમાં સ્થાપન થયલી હતી જેના તેઓજ પહેલા પ્રમુખ હતા.** દાદી શેઠનું કુટુમ્બ જેટલું બહેરામજી બનાજીને આભારી છે તેટલું બીજાં કોઇપણ કુટુમ્બને નહિ હશે. પાછળથી એજ દાદી નશરવાનજીએ ફરામજી કાવશજીને મોટો ટેકો આપ્યો હતો અને ધંધા ધાપા વિગેરેમાં તેમના અને બનાજી કુટુમ્બીઓના મોટા ખેરખાહ અને મદદગાર હતા.

ફરામજીના બાવા કાવસજી.

હવે આપણે બનાજીના સૌથી નાના બેટા કાવશજી વિષે થોડુંક જોઇશું. કાવશજીને "કાવશજી બાવા"ને નામે સૌ ઓળખતા હતા. કાવશજી ઘોઘા બંદર સાથે બહુ મોટો વેપાર ચલાવતા હતા. ઘોઘા તે વખતે ગુજરાતનું મુખ્ય વેપારી મથક હતું. એથી કરીને કાવશજીને ઘોઘાના કરીને કહેતા. વળી એમ પણ કહેવાય છે કે કાવસજી બાવાનો અવાજ બહુ ગોઘારી હતો તેથીબી એમને ઘોઘા કરીને કહેતા હતા. વળી બીજી વાત એમ છે કે એક વખતે કાવશજી અને એક અંગ્રેજને તકરાર જાગી. કાવશજી બાવાનો પીત્તો ઉછલતાં તેવણે પેલા અંગ્રેજને કેસરી પાક જમાડીને દુકાનપરથી "Go! Go" એમ કરીને ઉતાર્યો.

તેથી કાવસજીને મશ્કરીમાં ધોબો કરીને કહેતા. આ અટક બનાજીવાળાઓની તરીકે લાંબો વખત સુધી ચાલી હતી. કાવસજીએ પોતાના બાવાનાં મરણ બાદ પોતાના ભાઇઓ સાથેજ વેપાર ચલાવ્યો હતો, પણ પાછળથી ભાંજગડ પડયાથી બજારગેટ સ્ટ્રીટમાં એક મોટા પાયાપર અંગ્રેજી સામાન વેચવાની દુકાન કાઢી હતી જેમાં એમનું બહુ ધીકતું હતું. બજારગેટમાં તે વખતે અંગ્રેજી દારૂ અને ખોરાકી વગેરેની ઘણી ઘરાકી ચાલતી હતી કેમકે પાસેજ દર્યો આગ્યો હતો ત્યાંથી અંગ્રેજો ઉતરીને એજ મધ્યસ્થળ વેપાર, ધંધા ખરીદી વિગેરે માટે આવતા. આજે પણ છુટી છવાઇ એવીજ દુકાનો જુના પુરાણા વખતની જોઇએ છીયે જેમાં કેટેક શેઠની તેવી દુકાન બહુ જુના જમાનાની અસલ ઢબ ઉપરજ આજેબી છે. કાવસજી ૧૮૩૪ માં ૯૦ વરસની બુઝોર્ગ ઉમરે બહેસ્તનશીન થયા હતા. એવણુ પોતાના ભાઇઓ સાથેજ પહેલાં વેપાર ચલાવતા હતા તે પેઢીનું નામ "બનાજી લીમજી" કરીને હતું તે પેહલા બનાજીનું હતું.

ફરામજી કાવસજીનો જવાનીનો વખત.

આજે આપણે મુંબઇના જે વિસ્તારને કોટ કરીને કહીએ છીએ તેનું કારણ એમ કે કમ્પનીના વખતમાં જ્યારે મુંબઇપર લુંટારાઓ વિગેરેનો હુમલો થતો ત્યારે તેમાંથી બચવા સારૂ કોટના લત્તાની આસપાસ એવી નાની દીવાલ બાંધી લેવામાં આવેલી કે જેથી ત્યાં આગળ લોકોને

પનાહ મળે. એવો કોટ આજેબી સુરતમાં જોઇ શકાશે. કોટનો બધો લત્તો પારસીઓથી આજે ભરપુર છે જે જણાવે છે કે પારસીઓ વેપાર વણજમાં કેટલા વધેલા હતા કારણકે અંગ્રેજોનો ઘણો ખરો વેપાર એજ લત્તામાં હતો. અહિયાં હોમજી સ્ટ્રીટ સરકલની સામે આવેલો છે જેમાં નવરોજી ગામડીઆનું એક પૂરાણું ઘર વટીક છે. તેને પહેલાં ટોડ સ્ટ્રીટ કરીને કહેતા. અહિંયાં ૧૭૬૭ માં ફરામજી પોતાના મમાવાનાં ઘેરમાં જન્મ્યા હતા, એવણનાં માય દાદી શેઠ તરફથી ઉતરી આવેલાં હતાં. કાવસજીબાવા પાસે પૈસો પૂર એટલે ફરામજી લાડમાંજ ઉછરેલા. વધુમાં કેળવણી માટે તે વખત સ્કુલો જેવું કશું નહિ એટલે ફરામજીએ શરૂઆતની કેળવણીબી લેભાગુજ લીધી હતી. તે જમાનામાં મહેતાજી પંતુજીઓ એટલે સ્કુલ બેસાડીને પોર્યાં ભણાવતા તેવા મહેતાજીમાં એક બાપુભાઇ શોભારામ હતા. ત્યાં ગુજરાતી વાંચણ લેખણ અને આંકના પાડા ફરામજી શીખ્યા હતા. અગ્યારમે વરસે ફરામજીએ બાપુભાઇના સ્કુલને રામ રામ કીધા અને કાવશજી લીમજી એમને અંગ્રેજીના બે આંકડા શીખવવાના હતા, એટલે એક અંગ્રેજી શિક્ષક જે ખાનગી શીખવતો હતો તેના હાથ નીચે ફરામજીને મુકયા. એનું નામ લાફોર્ડ કરીને હતું. જણાય છે તો કોઇ ફ્રેન્ચમેન; અને તેમ હોયબી કેમકે તે વખ્તે ફ્રેન્શ લોકોબી અત્રે ધુસેલા હતા. નવેક વરસ સુધી ફરામજીએ થોડું ઘણું મેળવ્યું. પણ તે કાંઇ એટલું

બધું કામ નહિ આવ્યું કેમકે જે કામ આવ્યું તે તેમનાંમાં જે કુદરતી બહોશી અને હોશઆરી હતી તેજ.

થોડુંક શીખ્યા બાદ ફરામજી પોતના મામા દાદીશેઠના હાથ નીચે દુબાશ તરીકે જોડાયા. દાદીશેઠ તે વખતે ઇંગ્લંડ અને ચીન સાથે જબ્બરદસ્ત વેપાર ચલાવતા હતા. ખુદ એમનાં વ્હાણોવટીક ફરતાં હતાં. એ વ્હાણમાં એકનું નામ તેવણે " શાહ અર્દશીર " રાખ્યું હતું. ફરામજીએ આ વ્હાણમાં પોતાના દુબાશ તરીકેના આઠ વર્ષ દરમ્યાન એ વખત ચીન ખાતે મુસાફરી કરી હતી. આ મુસાફરી દરમ્યાન ફરામજી વેપાર વણજને લગતું તેમજ ચીની ભાષાને લગતું ઘણુંક જ્ઞાન અત્રે લઇ આવેલા જે પાછળથી તેમના સ્વતંત્ર હાલતમાં બહુ ઉપયોગી થઇ પડયું હતું. જ્યારે ૧૭૯૮ માં બીજી વખત મુસાફરી કરીને ફરામજી પાછા ફર્યા ત્યારે પહેલા દાદીશેઠ ગુજરી ગયા અને તેમની પેઢી અરદેશર શેઠના હાથમાં આવી ત્યારે ફરામજીને અરદેશરે એક આસીસ્ટન્ટ તરીકે રાખ્યા. ત્રણ વર્ષ રહીને ફરામજીએ ઇસ્ટ ઇન્ડીઆ કમ્પનીના દુબાશ તરીકે કામ કરવા માંડયું. તે વખતે દુબાશીમાંથી ઘણું કમાવાનું મળતું.

ફરામજી સ્વતંત્ર ધંધો સ્થાપે છે.

જે આદમીમાં સ્વતંત્રતાનો જુસ્સો હોય અને જેને પ્રમાણિક નિષ્ટા હૈયે હોય તેને માટે પરતંત્રતા ખુદાએ નક્કી કરી નથી. આથી ૧૮૦૬ કે જ્યારે ફરામજી ૩૮

વર્ષના હતા ત્યારે તેઓએ સ્વતંત્ર ધંધો ચલાવવાનું બીડું ઝડપ્યું. તેવણના ભાઇનું નામ નશરવાનજી હતું. તેવણની સાથે ૧૮૦૭ માં તેવણે એક વ્હાણ ખરીદયું, તેનું નામ "સુલેમાની". આ વ્હાણ એક અરબ નામે હસન અબદુલ્લાનું હતું. તેને ફરામજી અને નશરવાનજીએ બન્નેએ રૂપિયા દોઢલાખ જેટલા આપ્યાં હતા. આ વખતે અંગ્રેજોને મરાઠાઓ સાથે અત્રે સખ્ત યુધ્ધો ચાલતાં હતાં અને દર વેળાએ કોઇની કોઇ લડાઇ ઊભી થતી હતી એટલે ધંધામાં ધ્યાન રોકનારા બહુ થોડા અને જેઓ હતા તેઓને માટે ફત્તેહની જોગવાઇઓ ઘણી હતી. "સુલેમાની" માં બન્નેભાઇઓએ ચીન ખાતે હિંદનો રૂ ચઢાવવા માંડયો. એજ વખતે અંગ્રેજોની સાથે ફ્રેન્ચોને લડાઇ હતી. નેપોલીઅન હમણાં ચઢાઇ લાવે છે એવું વાદળ ઘેરાઇ રહેલું હતું. એટલે જ્યાં ફ્રેન્ચ અને અંગ્રેજો સાથે મળતા ત્યાં ઝપાઝપી જાગતી હતી. આવી એક ઝપાઝપી એક વખતે દર્યામાં થઇ. પરીણામમાં ત્રણેક અંગ્રેજ વ્હાણો સપડાયાં પણ "સુલેમાની" પરવરદેગારની રહેમથી નાસી ગયું અને ચીનના કોસ્ટાપર સહિસલામત જઇ પ્હોચ્યું. માર્ગમાં બીજાં વ્હાણ સપડાયાં એટલે બધો રૂ દુશ્મનને હાથ ગયો. એથી ફરામજીનાં વ્હાણને તડાકો પડયો. ૧૮૦૭ માં "બૉમ્બે કુરીઅર" નામનાં પત્ર તરફથી જેમ દર વર્ષે કૅલેન્ડર બાહેર પડતું હતું તેમ એક કૅલેન્ડર બાહેર પડયું હતું જેમાં પારસીઓની માલેકી હેઠળનાં

માત્ર છ વ્હાણોનું એક લીસ્ટ બાહેર પડયું હતું જેમાં હોરમસજી દોરાબજી લશ્કરીનાં બે અને ફરામજી કાવસજી બનાજીનાં આ વ્હાણ "સુલેમાની" માટે ખાસ એશારો કરવામાં આવ્યો છે. આ પછી નશરવાનજી અને ફરામજી કોઇ કારણસર છુટા પડયા અને ફરામજી પોતાને જોખમે વેપાર કરવા લાગ્યા. ૧૮૧૧ માં કલકત્તે એક શાખા ખોલીને પોતાના બીજા ભાઈ બહેરામજીને એજન્ટ તરીકે મોકલ્યા હતા. પાછળથી જ્યારે બહેરામજી ચીન ગયા ત્યારે કલકત્તે ત્રીજા ભાઇ ખરશેદજીને મોકલ્યા હતા. આ બધા ભાઇઓને ફરામજીએ ઠેકાણે પાડયા હતા. જેમ જેમ નાણાંની સગવડ થતી ગઈ અને ધંધો જામતો ગયો તેમ તેમ ચીન કલકત્તા પછી મદ્રાસ અને ઇંગ્લડ વિગેરે ખાતે ફરામજીએ પોતાની પેઢીઓ સ્થાપી. ધીમે ધીમે તેવણ છ વ્હાણોના માલેક થયા અને તે માટે ૧૮૧૯ માં પૈસો પુર થયો ત્યારે જેહમત ઓછી કરવા કલકત્તાની પેઢી પોતાના નાના ભાઇ રૂસ્તમજીને વેચી નાંખી. આ રૂસ્તમજીએ કલકતા ખાતે એટલું નાણું મેળવ્યું હતું કે તેઓ લખ્ખોપતી ગણાતા. આ રીતે કાવસજીના બધા બેટાઓ પૈસે ટકે સુખી થયા અને તે ફરામજીની બરકતે.

જો કે આ પુસ્તકમાં મારે ફરામજી વિષેજ લખવું છે તોબી એક ચીજ જરા જાણવાજોગ છે તે અત્રે ટપકાવી લેવાની લાલચ હું થોભાવી શકતો નથી. તે બીના રૂસ્તમજીના બાબમાં છે કે જેઓ કલકત્તે મોટી થાપણ

માંડી બેઠા હતા. એવણે કલકત્તા ખાતે મી. રોબર્ટ ટરનર સાથે પેઢી ખોલી હતી જેનું નામ પાછળથી મેસર્સ રૂસ્તમજી ટરનર એન્ડ કમ્પની એમ કરીને પાડયું હતું. એવણ દુબાશનું કામ કરવા ઉપરાંત વ્હાણમાં માલ લાવ લઇજા કરતા અને કલક-તે પ્હેલવ્હેલા રૂની અને કાગજની ફેકટરીઓ સ્થાપી હતી. તે વખતે એવણનાં બૈરાં છોકરાં બધાં મુંબઇ રહેતાં; પણ ૧૮૩૮ માં એવણે તેમને કલક-તે બોલાવ્યાં અને આ રીતે **પારસી તવારીખમાં પહેલાં બાનુ મુસાફર જેઓએ દર્યાઇ મુસાફરી કરી હોય તો તે રૂસ્તમજીનાં ધણીયાણી હતાં.** આ ઉપર એટલી ચુનોચેરા થઈ હતી કે "બોમ્બે ગેઝેટ" જે તે વખતે બહુ જાણીતું પત્ર હતું તેણે ઘણી ઉકમાઇથી એ બીનાની નોંધ લીધી હતી તેની છેવટે નીચે મુજબ જે જણાવ્યું છે તે પારસીઓએ ખુદ સંસાર ધારામાં તે જૂના જમાનામાંબી કેટલો આગળ પડતો ભાગ લીધો હતો તેનો આપણને કાંઇક ખ્યાલ આપે છે. "ગેઝેટ" લખે છે કે × × ×—to those who remember that but a few years ago no Parsee female of respectability would proceed even to the Deccan, the contemplated trip of these fair voyagers will afford much food for speculation upon the rapid change which the march of opinion has effected." રૂસ્તમજીને ત્યાં ખુદ ગવર્નર-જેનરલ પણ મુલાકાતે આવતો અને તેમનાં કુટુમ્બીઓ સાથે તે છુટથી ભેળાતો.

ફ્રામજીની જાહેર જીંદગી.

એક વેળાએ જ્યારે ધંધાધાપામાં પૈસો પૂર મેળવ્યો અને પોતાનાં કુટુમ્બીઓને તેઓએ ઠેકાણે પાડી દીધાં કે ફ્રામજીએ જાહેર પરોપકારી કામો તરફ પોતાનું વધુને વધુ ધ્યાન દોડાવવા માંડયું. **ફ્રામજી એકજ એવા પુરૂષ છે કે જેઓથી મુંબઇની જે કાંઇ જાહેર જીંદગી છે તેની શુરૂઆત થાય છે.** એમ સર ફીરોજશાહ મેહતા વારંવાર બોલતા હતા. તે પહેલાં તેવું કશું હતું નહિ. તે જમાનાના કાંઇપણ એવાં જાહેર કામો કે જાહેર ખાતાંઓ નહોતા કે જેમાં સીધો યા આડકતરો ફ્રામજીનો હાથ નહિ હોય. ફ્રામજીની મોટાઇ તેમની દોલત અને વેપારી કીર્તિમાં નથી સમાઇ જતી પણ તેમનાં જાહેર કામ કાજોમાં તે રહેલી છે. તેમની જાહેર જીંદગી ઘણીજ નમુનેદાર નીવડી હતી તે એટલે સુધી કે જ્યારે તેઓ ગુજર પામ્યા ત્યારે તેમનાં મરણ માટે વિલાપ કરવા સારૂ હિંદુ, પારસી અને અંગ્રેજો વટીક એકઠા મળ્યા હતા. એવું માન અગાઉ કોઇનેબી મળ્યું નહોતું. તે માન ફ્રામજીનેજ મળ્યું હતું. આજે કોઇબી પુરાણાં ખાતાંની જુની ફાઇલો વાંચવામાં આવે તો તેના કારોબારમાં ફ્રામજીનું નામ જડયા વિના રહેશે નહિ. વળી જીંદગી ખાલેસ, નીતિમાન અને સચ્ચાઇ ઉપર રચાયલી હતી. એથી તેમને પા સદી ઉપરની જાહેર જીંદગીમાં કશી પણ આંચ આવી નહોતી.

ફરામજી અને કેળવણી.

ફરામજી પોતે ઝાઝું શીખેલા નહોતા પણ પ્રજા અને કોમમાં કેળવણી વધે એવું હરહંમેશ જોનારા હતા તેમજ તેને વ્હેવારૂ રીતે આગળ પાડનારા હતા. જ્યારે કેળવણી વિષે કોઇ પણ કાંઇ બોલતું યા કરતું નહિ ત્યારે ફરામજીએ ખુદ વ્હેવારૂ કામ કરવા માંડયું હતું. તે ફરામજીમાં ભવિષ્ય વાંચીને શું કરવું તેની શક્તિનો પૂરાવો આપણને આપે છે. વળી તેઓ કેટલા હાદેસાઓ વચ્ચે તે એટલા ઉપરથી જણાશે કે દેશીઓને કેળવણી તરફ અભાવ હતો અને સરકારમાં પણ મતફેરી કે દેશીઓને કેળવણી આપવી કે કેમ તેવા જમાનાઓ હતા. પણ ફરામજીને જે ચીજ ખરી લાગતી તે તેઓ કર્યા વિના રહેતા નહિ. એથી તેઓએ પુરૂષોની કેળવણીજ નહિ પણ વળી સ્ત્રીઓની કેળવણીને લગતું પણ બીડું ઝડપ્યું હતું. હાલમાં એલફીન્સ્ટન કૉલેજ છે તે પહેલાં સ્કુલ અને કૉલેજ બન્ને ધરાવતી હતી અને ગોવાળયાપર "ટેન્કરવીલ" કરીને બંગલો આવેલો છે ત્યાં તે બેસતી. અહિંયાંથી ખુદ દાદાભાઇ નવરોજી જેવા પણ શીખીને બાહેર પડયા હતા. તેના કરતા કારવતાઓમાં જે નામો મુખ્ય જણાય છે તે સર અર્સકીન પેરી કે જે પાછળથી હાઇકૉર્ટનો જજ થઇ ગયો હતો તે, પ્રોફેસર પેટન કે જેણે સ્ત્રી કેળવણીમાં અંગત ભાગ લીધો હતો તે, સર એલેકઝાન્ડર ગ્રાન્ટ કે જેણે પ્રીન્સીપલ તરીકે લાંબો વખત સુધી યકીનદારીથી

દેશઓની સેવા બજાવી હતી તેઓનાં છે. આ એલ્ફીન્સ્ટન ઇન્સ્ટીટયુશનને હસ્તીમાં લાવવા ફરામજી શેઠે બહુ જેહમત ખેંચી હતી. આ ખાતાંના વિદ્યાર્થીઓએ એમનાં મરણ-બાદ મહુંમ તરફનાં માનની એધાણી દાખલ પોતપોતામાં રૂપિયા દોઢ હજારનું ફંડ ઉભું કીધું હતું અને શેઠ નારાયણ દીનાનાથનાં પ્રમુખપણાં હેઠળ ભેગા મળીને નવરોજી ફરદુનજી તેમજ દાદાભાઇ નવરોજીની દરખાસ્ત ઉપરથી તેઓએ "ફરામજી કાવશજી પ્રાઇઝ" કાઢયું હતું, જે મરાઠી અને ગુજરાતીમાં સરસ નીબંધ લખનારાઓને આપવામાં આવતું હતું. એજ રીતે ગ્રાંટ મેડીકલ કોલેજને પણ જન્મ આપનારાઓમાં ફરામજી એક હતા. તે વખતે ખેતીવાડી સંબંધી એક સોસાયટી સ્થાપવામાં આવી હતી તેની પણ ચળવળ જગાડનાર એઓ એક હતા કારણ કે તેમને ખેતીવાડી સંબંધી ઘણો શોખ હતો. વળી ગરીબ ગુરબાંને દવા દારૂ આપવી અને તેમને સાજાં કરવાં એમાં પણ ફરામજી કાવસજીએ ભાગ લીધો હતો કે જેની રૂએ સરકારે નેટીવ પબ્લીક સંસ્થા સ્થાપી હતી. તેમાં એવણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. ૧૮૨૦ માં નેટીવ સ્કુલ બુક અને સ્કુલ સોસાયેટી હસ્તીમાં આવી હતી ત્યારે તેવણને એક સભાસદ નેમ્યા હતા. ૧૮૨૭ માં નેટીવ એડીયુકેશન સોસાયટી હસ્તીમાં લાવવા તે વખતના મુંબઇના ગવરનર એલ્ફીન્સટન સાથે એવણે મોટી હીલચાલ કરી હતી. પાછળથી સરકારે મી. લીગેટ, સર અરસકીન પેરી અને

મુંબઇની ધારાસભાના સભાસદ જગન્નાથ શંકર શેઠના પ્રમુખપણા હેઠળ એક એડયુકેશન બોરડ નેમ્યું હતું. તેની સેવા ફરામજીએ ૨૮ વરસ સુધી બજાવી હતી. જયારે ૧૮૫૧ માં ફરામજી ગુજરી ગયા ત્યારે આ બોરડ તરફથી સરકારે નીચલો ઠરાવ ખાસ બહાર પાડયો હતોઃ–
Faramji Cavasji Esqr. resigned his seat in consequence of his advanced time of life. The eminent and good citizenship, and zeal in supporting every measure for public improvement, which distinguished our late much esteemed colleague, are too well known to your Lordship in council to need any notice from us, but in recording his death, which subsequently occurred the Board feel a melancholy pleasure in thus publicly expressing the respect in which they hold his memory."

ગવરનર એલ્ફીન્સટન દેશીઓને કેળવણીમાં આગળ પાડવામાં બહુ ઇંતેજાર હતો અને તેથીજ તેનાં નામથી એલ્ફીન્સટન ઇનસ્ટીટયુટ હસ્તીમાં આવ્યું હતું. એ ખાતાંમાં પ્રોફેસરશીપ વિગેરેમાં મદદ કરવા સારૂ ફરામજીએ રૂપીઆ દસ હજારની બક્ષિસ આપી હતી. વળી પોતાની દિકરીઓ તેમજ દિકરાની દીકરીઓને કેળવણી અપાવી હતી. આ

વખતે સર જમશેદજી જીજીભાઇ વાળાઓ પૈસે ટકે પુર થયા હતા તેમજ તેમના સખાવતી કામોની શરૂઆત થઇ હતી; એટલે ૧૮૩૬ માં સર જમશેદજી અને જીજીભાઇ દાદાભાઇએ ધર્મની કેળવણી આપવા સારૂ ઝંદ સ્કુલ કાઢી હતી જેમાં ફરામજીએ પોતાનો અંગત હીસ્સો આપ્યો હતો.

પહેલા જસ્ટીસ ઑવ ધી પીસ.

પ્રજા તરફથી હદમાં રહીને સરકાર પાસેથી હકો માંગવામાં જેબી ચળવળ કરવામાં આવતી તેમાં ફરામજી આગેવાન ભાગ લેતા. દાખલા તરીકે ૧૮૨૯ માં પાંરલામેન્ટને અત્રેથી દેશીઓએ એક અરજ કરી હતી કે દેશીઓને જુરીમાં નેમવા. આ ચળવળમાં સર ચારલ્સ ફારબસ જે એક નામાંકીત જજ હતો અને દેશીઓ વચ્ચે લોકપ્રીય થઇ પડયો હતો તેણે આગેવાન ભાગ લીધો હતો. પરીણામમાં ઉપલી અરજી બહાલ રાખવામાં આવી હતી અને ૧૨ જણાઓને પહેલ વહેલા જસ્ટીસ ઑવ ધી પીસ નેમવામાં આવ્યા હતા તેમાં બે હિંદુ અને બે મુસલમાન સિવાય સર્વે પારસીઓ હતા અને તેમાંના બે ફરામજી અને ખરશેદજી બનાજી હતા.

ફરામજીની કોમ સેવા..

અગાઉ આપણે જોઇ ગયા તેમ બનાજી લીમજીના વખતમાં પહેલ વહેલી પંચાયત હસ્તીમાં આવી હતી; ત્યાર પછી બે ત્રણ પેઠી સુધી તો પંચાયતનું પ્રમુખપણું બનાજી

ખાનદાનના હાથમાંજ હતું. પાછળથી પંચાયતનો લાગવગ તૂટી ગયો પણ ફ્રામજીએ ૧૮૧૮ માં પંચાયતને પાછી સજીવન કરીને ત્રણ વરશ રહીને એવણ તેનાં ફંડના ત્રસ્ટી થયેલા હતા. એમના વખતમાં પંચાયત કોમ ઉપર બહુ લાગવગ ધરાવતી હતી; અને એમનો ધાકબી બહુ હતો, પણ કર્મ સંજોગે એવું બન્યું કે પંચાયતના ત્રસ્ટીઓમાંના કેટલાકો પારસી રિવાજનું ઉલંઘન કરવા લાગ્યા. પંચાયતમાં ધોરણ જેવું નહતું, એથી ત્રસ્ટીઓ આપખુદી સત્તાવાળા હતા. કેટલીક વખતે વઢવાડ કરતા હતા. સરકાર દરબાર વટીકમાં જવું પડતું હતું. મોબેદો અને બહેદીનો વચ્ચે જ્યારે ઝઘડા જાગતા ત્યારે એક બીજાનું માથું ફાડવાવટીક ચુકતા નહિ. આથી સરકારને ૧૭૭૭ અને ૧૭૭૮માં વચ્ચે પડવું પડયું હતું અને એક કમીશન નેમવું પડયું હતું કે પંચાયતને લગતા જે સવાલો વઢવાડ અને મારીમારીને જન્મ આપે છે તેનો કાયદા પ્રમાણે ફડચો થઇ શકે વળી તે વખતે ત્રસ્ટીઓના આપખુદી દોર હેઠળ જે સ્ત્રીઓ કુકર્મ કરતી જણાતી તેમને ખાસડાંનો માર વટીક મારવાને ચુકતા નહિ, પણ એ સઘળું ફ્રામજી કાવસજીએ હાથ ધર્યું અને તેમાંથી કોમનો છુટકારો કરવાનું માથે લીધું. ૧૮૧૮ માં દાદીશેઠના આતશ બહેરામમાં એક સભા ભરવામાં આવી હતી અને પંચાયતને કોમની અંદર તંદુરસ્ત સત્તા આપવા માટે લડત ચલાવવા આવી હતી તેમાં ફ્રામજીએ બહુ આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો. કોમમાં પ્રીતનો એમ જાગ્યો હતો કે કેટલાકો એક પર

બીજી બૈરી કરતા હતા અને કેટલાકો તો પરાઇ કોમોની સ્ત્રીઓને રાખતા હતા. આથી વારસા હીસ્સાની બાબદમાં વરવાંધાઓ ઘણા ઉભા થતા હતા ત્યારે તેનો ફડચો કરવા અર્થે જ્યાં સુધી પંચાયતના હાથમાં કાબુ નહિ હોય ત્યાં સુધી કંઇ બની શકે નહિ એમ ફરામજીએ જોઇ લીધું હતું અને તેથીજ તેઓના વખતમાં પંચાયતનો દોર સખત હતો.

કેટલીક પારસી સ્ત્રીઓ સાંજને સમયે એક યા બીજા બહાનાં હેઠળ ભટકવા નિકળતી. આ બનાવ તે જમાના જોતાં કંઇક અનીતિમાન છાપ સ્ત્રીઓ ઉપર નાખે તેથી પંચાયતે ફરામજીના દેખરેખ હેઠળ હુકમ વટીક કર્યો હતો કે જે સ્ત્રી બહાર ભટકતી દેખાય તેમને નસાખાના આગળ જઇને ચાબકના માર મારવા. આ હુકમનો પૂરો પૂરો અમલ કેટલાક દાખલામાં કરવામાં આવ્યો હતો.

બન્યું એમ કે ત્રસ્ટી સાહેબોમાં કેટલાકો પોતેજ એકથી વધુ બૈરીઓ કરતા જાહેર થયા હતા. ફરામજીએ તેઓ સામે સખત લડત ચલાવી પણ તેવણનું કશું ચાલ્યું નહિ, ત્યારે પોતાના એક બીજા ગોઠીયા નવરોઝજી જમશેદજી વાડીયા સાથે પંદર વરસની પંચાયતની સેવા પાછળની રંજ પછી રાજીનામું આપ્યું. ફરામજીએ પંચાયતના દફતરમાં મીનીટ કરેલી છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે આજ વરસો થયા કોમમાં કંઇ બદીઓએ પગ પેસારો કર્યો છે. દાખલા તરીકે એકની ઉપર બીજી બૈરીઓ કરે છે,

પરકોમની બીજી સ્ત્રીઓને રાખવામાં આવે છે અને તેમના બચ્ચાં કચ્ચાંઓને પારસી ધર્મમાં લાભ આપવામાં આવે છે. કદાચ એવો વખત પણ આવે કે પારસી બૈરાંઓ મરદોના આ કારભારથી પોતે દાખલો લઇને પર કોમમાં છડે ચોક નાચવા પડશે. છેવટે ફરામજીએ લખ્યુ હતું કે આપણાની અંદર સંપ જેવું કશું નથી તેથીજ કોઇપણ જાતની બદી સામે ટકી શકાશે નહિ.

પારસી સ્ત્રીઓ વિષે ફરામજી શેઠની અગમચેતી.

ટ્રસ્ટી તરીકે પોતાના ઓહ્દાનું રાજીનામું આપતાં ફરામજી શેઠે ઘણાંક નોંધદાયક કારણો આપ્યાં હતાં જેઓમાં એક જે આપણી સ્ત્રીઓ સંબંધી અગમચેતી રૂપ જેવું ગોયા હતું તે અત્રે આપણે આપીશું. પોતાના શેરામાં ફરામજી શેઠ જણાવે છે કે "પંચાયતના અધિકારી તરીકેનો મારો ઓધ્ધો છોડવાનાં કારણો અગર હું લખવા બેસું તો એક મોટું દફતર ભરાય. કેટલાક આસામીઓ પોતાને જરથોસ્તીઓ તરીકે ઓળખાવતા હોવા છતાં એટલા બધા બેદરકાર બન્યા છે કે તેઓ વ્યભિચાર અને બદફએલીને એક શરમ ભર્યાં કામ તરીકે હવે લેખતા નથી × × × ના, એટલુંજ નહિ, પણ તેઓ આતશ બહેરામો તથા દરેહ મહેરોમાં પણ છૂટથી આવજા કરે છે. આપણી સ્ત્રીઓ માટે હવે એવો વખત આવી પૂગો છે કે હિંદુ અને મેહોમેદન

કંચનીઓની પેઠે તેઓ થોડા વખતમાં પગે ઝાંઝર બાંધીને નાચવાનો ધંધો કરવા માંડશે." આ સખુનો આજે કેટલા ખરા પડયા છે તે વાંચનારની ઉપરજ હું છોડું છું.

વાંચનારાઓ જોઇ શકશે કે ફરામજીએ કહેલી ભવિષ્ય વાણી હાલના જુદ્દીન સંબંધના મામલામાં કેટલી બોલેબોલ ખરી પડે છે. પાછળથી જોકે બહુ સમજાવટથી પંચાયતમાં ફરામજી શેઠ જોડાયા હતા તોબી કંઇ જાણવા જોગ ભાગ બજાવવાની એવણની ઉલટને ટ્રસ્ટીઓ તરફથી ટેકો મળતો ન હતો.

જુદ્દીન નવજોતની ચર્ચા.

એ વતરેગે કોમને લગતા કોઇપણ સવાલો સંબંધી ચળવળ જાગતી તો તેમાં ફરામજી શેઠનો પહેલો હાથ હતો. એક વખતે વલસાડમાં એક પારસીએ પોતાની પરકોમની રાખેલી સ્ત્રીની નવજોત કરી તો તે સંબંધી મુંબઇની પંચાયતને જાણમાં આવતાં તેણે તે સામે પગલાં ભરવા માંડયાં હતાં. એમાં ફરામજીનો મુખ્ય હાથ હતો. બીજી વખતે ખુદ મુંબઇમાં એક જરથોસ્તીએ પારકી કોમની બૈરીને પેટનાં છોકરાંને સદરો પહેરાવ્યો તો તે બાબેબી ફરામજીએ ચોક્કસ ખબરો મેળવીને ઝઘડો બાહેર પાડયો હતો.

ફરામજીની બીજી સેવાઓ.

૧૮૪૦ માં મુંબઇના પોલીસનો વડો મેજીસ્ટ્રેટ મી. પી. ડબ્લ્યુ લીજેટ હતો; તેણે પારસીઓમાં આપઘાત થાય

તો લાશને ચીરવી પડે તો તેમાં પંચાયતને વાંધો છે કે કેમ તે સંબંધી પૂછાવ્યું હતું. ફરામજીએ બીજાઓ ભેગા એ સામે વાંધો લીધો હતો અને જરથોસ્તી નિયમ તૂટે નહિ અને મુવેલાંઓપર આજાબ ગુજરે નહિ તે બાબે સખ્ત વિવેચન તે સંબંધી મળેલી પંચાયતની સભામાં કર્યું હતું. એ બાબેની સભા કોલાબે દસ્તુર દાવરોની હાજરી સહિત નવરોજી જમશેદજી વાડીઆના તંબુમાં મળી હતી.

"દાવર" નો માનવંત એલ્કાબ.

આગલી પારસી અન્જુમન લાયક આગેવાન બહેદીનોને તેમના દરજ્જા, બાહોશી અને ધર્મ ઉપરની ફીદાગીરી વિગેરેની પીછાણમાં "દાવર" નો માનવંત એલ્કાબ આપતી હતી. એ રીતે શેઠ બનાજી. લીમજીને પહેલ વહેલો આ એલ્કાબ મળ્યો હતો. ત્યાર પછી તેમના બીજા બેટા માણેકજી દાવર બન્યા હતા અને પાછળથી શેઠ નાનાભાઇ બનાજી લીમજી દાવર બન્યા હતા. આ "દાવરો" બધા બહેદીનો છે એમ અટકળ કરવામાં આવે છે. જ્યારે અટક ઉપરથી કેટલાકો તેમને આથોરનાનો તરીક ઓળખે છે. બનાજી લીમજીના કુટુમ્બમાં બધા મળી છ જણ "દાવર" યાને કોમના પ્રમુખનો ઓધ્ધો ભોગવી ગયા હતા. આ ઓધ્ધો આ કુટુમ્બમાં લગભગ સવાસો વરસ સુધી ભરી રહયો હતો. મર્હુમ સર દીનશાહ દાવર પુરાતન બનાજી ખાનદાન આઠમી પેઢીએ ઉતરી આવેલા હતા.

ધર્મ તરફની ચળવળ.

પંચાયતના દફતરમાં ફરામજીએ જે અનેક સેવા બજાવેલી છે તેની નોંધ છે પણ કોમની અંદર જે બદીઓ પેવશ થાય તેનો સડો નાબુદ કરવા અર્થે મજહબની કેળવણી પારસીઓને મળે તોજ કામ પાર ઉતરી શકે તે મકસદથી તેવણે "રાહનુમાય માજદયસ"ની સભાની સ્થાપના કરી હતી. પણ અહીંઆબી તરેહવાર જાતની વીટંબણા પડતી હતી. જેઓ ખોટાતો ખોટા પણ પોતાનાં મતને વળગી રહે તેઓ સામે સચાઇની લડત કરવી તે કેટલું મુશકેલ છે? છતાં ફરામજીએ બહુ બહુ ખમીને પણ કોમનું ભલુ કરવાની કોશેશ કરી પણ એમનાં કામને જશ મળ્યો નહિ. એમની સામે જે પણ શત્રુઓ જાગ્યા તેઓ સર્વેએ એમની ઉપર સખત હુમલા કર્યા હતા પણ તે વખતે સર્વેને એઓએ માફ કર્યા હતા.

ફરામજીની પવાઇની એસટેટ.

ફરામજીનું નામ પવાઇની એસ્ટેટ કે જે હમણા થોડા વખતની ઉપરજ કમનસીબ સંજોગે વેચાઈ સટાઇને ખલાસ થઈ ગઇ છે તેના નામ સાથે આજ સુધી જળવાઇ રહ્યું છે, એટલુંજ નહિ પણ ભવિષ્યની ઓલાદ વચ્ચે એજ રીતે જળવાયેલું રહેશે. એવણ પોતે ખેતીવાડી ને ઉધોગ હુનરના બહુ મોટા હેમાયતી હતા અને મુંબઇ તરફ આ દિશાએ તેઓએ

ઉમદા કામો કીધાં છે. તેમાં પોતાનો લાભ સમાયેલો હતો પણ સાથે સાથે પરમારથી કામ પણ બજાવ્યું હતું. જરથોસ્ત સાહેબે પોતાના પવિત્ર ગાથા કહ્યું છે કે ખેતી અને રૂડો ઉદ્યોગ કરવાથી પરવરદેગાર ખુશ થાય છે; તેમ ફરામજી શેઠે ધરતીને કે જે પડતર હાલતમાં હતી તેને નવી જીંદગી, નવો જોશ અને નવો જુસ્સો આપ્યો હતો. પવાઇની એસટેટ મુંબઇથી ૧૮ માઇલ દૂર છે. ત્યાં એવણે બહુ મોટા વિસ્તારમાં ખરીદી કરી હતી જેમાં રૂ, ચા, શેરડી ગુલી, શેતુર, અને આંબાના અસંખ્ય ઝાડો રોપ્યાં હતાં અને વેરાન જમીનને ગોયા ફળ-રૂપ બનાવી દીધી હતી. એમાંથી તેવણને દર વરસે લખોની ઉપજ થતી. જે ઝાડો બીજે ઠેકાણે નહિ ઉગે તેના રોપા લાવીને ઉગાડતા, આ ઉપરથી એમને હિંદુસ્તાનના "લૉર્ડ લીસટર" કરીને કહેવામાં આવતા. સર જોન માલકમ પોતાના એક અહેવાલમાં જણાવે છે કે છાષ્ટી તાલુકો ખીલવવામાં ફરામજી કાવસજીએ બહુ અગત્યનો ફાળો આપ્યો છે. તેણે કરેલાં લખાણમાંથી નીચલા શબ્દો ટાંકીશું:—I lately paid a visit to the estate of Framji Cavasji at Pavai and never was more gratified. This highly respectable native has laid out much money in a variety of useful improvements. He has sunk a number of wells, has built houses, and made an excellent road, planted a great quan-

tity of sugar-cane; indigo, and mulberries for silk-worms, he has erected an excellent sugar-mill, which I saw at work and all the necessary buildings of an indigo manufactory. But what I was most delighted with was the passionate fondness Framji appeared to have for his estate. His projected improvements of a tank, a garden full of fruit-trees of every country, the erection of a bungalow for English travellers and a sarai and the stables at the spot which the road to his estate leaves the Thana great road, will be most useful to the public, as it is exactly half-way between Bombay and Thana and mark the liberal spirit in which he has determind to fulfil the obligation of his lease." વિગેરે. એક વખતે આજ ગવરનર પવાઇની એસટેટની મુલાકત લેવા ગયો હતો જે વેળાએ ત્યાંનું બધું બાંધકામ જોઇને તે એટલો ખુશ થઇ ગયો હતો કે પોતાકને ગજવામાં એક સોનાનું ઘડીયાળ હતું. તે ફ્રામજીને તુરત બક્ષિશ યાદગારી દાખલ આપી દીધું. આ ઘડીઆળને છેડો મને જણાવવામાં આવ્યું છે કે આજ સુધી બનાજી કુટુંબમાં છે.

પવાઇનાં ૮ ગામો.

પવાઇની એસ્ટેટનાં બધાં મળીને ૮ ગાંમો હતાં. જેનાં નામો નીચે મુજબ છેઃ—

૧, પવાઇ.	૫, પાસપોલી.
૨, સાંકી.	૬, તીરંદાઝ.
૩, તુંગવા.	૭, વીખરોલી.
૪, કોપરી.	૮, કાન્જુ.

એમાં બધા મળીને ૩૬૦ કુવાઓ ફ્રામજીએ ખોદાવ્યા હતા, અને જેમ આપણાં શહેરમાં ગોવાળ્યા તળાવ જેવું મોટું તળાવ હતું તેવાં એ તો તળાવ એવણે ખોદાવ્યાં હતાં જેનાં નામો પાસપોળી ટૅન્ક અને તુંગવા ટૅન્ક છે. વિસ્તારમાં ૧૩૦૦ એકરના વિભાગમાં ત્રણ ત્રણ મીઠાંનાં અગર ચાલતા હતા જે પાછળથી સરકારને સ્વાધીન કરવામાં આવ્યા હતા. ખાંડ, રેશમનો ઉદ્યોગ ઉપરાંત કેટલીકતો દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ચાલતી. આજેબી આ ભઠ્ઠીઓના ખાડાઓ તેમની ઝાંખી હાલતમાં દીસે છે. વળી ફ્રામજીએ પોતાના વિસ્તારની આસપાસ થુવર કેકાંટાનાં ઝાડની ઝાડીઓ બાંધેલી નહોતી પણ agay ની જે મજબૂત ઝાડીઓ આવે છે તેનું બાંધકામ કરી લીધું હતું, જેના પાછળથી ઘણા પૈસા ઉપજ્યા હતા. કેરીનાં ઝાડની સંખ્યા પહેલાં લાખની હતી. આજે નહિ તોબી વીસેક હજાર ઝાડ દીસે છે. પવાઇનો બધો મળીને વિસ્તાર ૮૮૦૦ એકર જેટલો હતો. ખેડુતો ૭૧૦૦ એકર જેટલી

જમીનપર ખેતીવાડી કરતા. કેટલીક તો પથરાની ખાણો હતી જ્યાંથી કહે છે કે બોરીબંદરનું સ્ટેશન વટીક પાછળથી બાંધવામાં આવેલું હતું. વધુમાં એટલું તો ચોક્કસ છે કે જ્યારે એજ સ્ટેશનનો પાછળથી વધારો થયો હતો ત્યારે જે પથરાઓ વાપરવામાં આવ્યા હતા તે નક્કી પવાઇની એસ્ટેટમાંનાજ હતા. ૮ ગામોમાંથી એક બકાત રાખેલું હતું જેની જેબી આવક થતી તે એમની એમ બનાજીનાં આતશ બહેરામના નીભાવ ફંડમાં જતી. તે છેક પવાઇની એસ્ટેટ વેચાઇ ત્યાં સુધી અપાતી હતી.

પવાઇનું વેચાણ.

પવાઇનું વેચાણ અંતે કુટુમ્બીઓએ ૧૯૧૮ માં કીધું. જે જમીન લખ્ખોની હતી તેનો પહેલ વ્હેલે ભાગ કાંઇ થોડાક લાખપર ઠોકાયો. રીસીવરને ત્યાં જુલમતો ૯ લાખની માંગણી આવી, પણ કુટુમ્બીઓનાં મોટાં નસીબ વચ્ચે જ્યારે છેવટની સીલ શાખ મરાવાની હતી ત્યારે હિંદુ મુસલમાનોની એક સીન્ડીકેટે રૂપિયા ૧૮ લાખની માંગણી કરી અને અંતે પવાઇની નામીચી એસ્ટેટ ૧૮ લાખે ગઇ.

પવાઇની એસટેટ શેઠ ફેરામજી પાસે કેમ આવી.

૧૭૯૯ માં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીમાં એક બ્રીટીશ અમલદાર થઇ ગયો હતો કે જેનું નામ સરજન હેલન્સસ્કોટ કરીને હતું. એને કંપનીએ સારી સેવાના બદલામાં

છાષ્ટીના આસપાસના ગામડાં આપેલાં હતાં, જે ઉપર ઉપલો અમલદાર કંપનીને ૩૨૦૦ રૂપીઆ ભાગ આપતો હતો. ૧૮૧૬ માં એ મરણ પામ્યો એટલે ૧૮૨૬ માં કોકણના કલેકટરે ઉપલાં ગામડાં લઇ લીધાં. ૩ વરસ રહીને ફરામજીએ કોકણના કલેકટર મારફતે મુંબઇ સરકારને અરજ કરી કે હું ઉપલાં ગામડાંનું ૪૦૦૦ રૂપીઆ ભાડું આપીશ અને તે ગામડાંઓ મને આપવાં. ફરામજીએ આ અરજી કરવાની મતલબ કંઈ પોતે મોટી દોલત મેળવવાની નહિ હતી.

મુગભાટની વાડી.

એવામાં બન્યું એમ કે ૧૮૨૪ માં ફરામજીનો દિકરો મદ્રાસથી આવતાં પનવેલ આગળ એકાએક બંદુક ફુટવાથી ગુજરી ગયો. ફરામજીએ એમનાં નામથી કંઇ સખાવતી કામ કરવાનું મન ઉપર લીધું. ત્યાં કામાટીપુરા, ગ્રાંટરોડ, ગીરગાંમ વિગેરે હાલ તો વસાયેલાં છે, પણ ઉપલા જમાનામાં તે બધું ઉજ્જડ હતું. લોકો થોડાં ઘણાં વસતાં હતાં, પણ ત્યાં પાણીની બહુ હાડમારી પડતી હતી. ફરામજીએ કાવસજી પટેલના તળાવની સામે એક જમીનનો ટુકડો ખરીદ કરી લીધો તેનું નામ મુગભાટવાડી. આ વીષે જાણવા જોગ એ છે કે સરકારે કામાટીપૂરામાં રહેતાં લોકોની હાડમારી ટાળવા સારૂ એક મુસલમાન નામે ઉસલાજી સુલાનજીને પૈસે બે ટાંકીઓ બાંધી અને કાવશજી પટેલનાં તળાવ સાથે તેનું નળ મારફતે જોડાણ કીધું હતું. પણ ફરામજી શેઠે જોયું કે જ્યાં

સુધી પાણી ઉપર આવે ત્યાં સુધી પાણી મળતું, નહિ તો સુકામણાં; એટલે પોતાના બેટાનાં મરણનાં ઉઠમણાંની મીજલસમાં જણાવ્યું કે મારે ત્યાં એક કુવો બંધાવવો કે જ્યાંથી ચાલુ પાણી ટાંકીને મળ્યું રહે. તેમ તેઓએ કીધું હતું. તેમણે ત્રણ કુવા ખોદાવ્યા અને પહેલ વહેલી મુંબઇમાં પાણીના પાઇપો નંખાવીને સ્ટીમ એન્જીન મારફતે કામાટીપુરામાં જ્યાં હાલ "બે ટાંકી" છે ત્યાં પાણી લઇ જવા માંડ્યું. એના ઉપર નહિ તોબી અરધા લાખનો ખરચ થઇ ગયો અને ૧૮૩૧ સુધી દર મહીને અઢીસો રૂપીઆનો ખરચ પોતે કરતા. પછી એવણના વારસો એમ ચાલવા દેશે કે કેમ, એનો શક પેદા થતાં એવણે મુંબઇ સરકારને અરજ કરી કે પવાઇની એસટેટમાં મોટો સુધારો કર્યો છે અને દોઢ બે લાખ રૂપીઆ હું ખરચી ચુકયો છું અને નહિ તોબી પાંચ હજાર રૂપીઆનું વરસાણું આપું છું માટે એ જમીનનો ટુકડો મને આપવો. હું અરધો લાખ વધારે આપવા તૈયાર છું. આખરે સરકારે સાટું નક્કી કીધું. હાલમાં ડંકન રોડ અને બેલાસીસરોડ કરીને જે લતાઓ ગીરગામ, ગ્રાંટરોડ બાજુએ આવ્યા છે તે ડંકન અને બેલાસીસ કરીને બે ઇજનેરી અમલદારો અહીંઆં ૧૮૨૦ થી ૨૫ ની સાલમાં થઇ ગયા હતા અને જેઓ ફ્રામજી બનાજીને પવાઈ એસટેટ અને મુગભાટની વાડીમાં પાણી ખાતાં બાંધવામાં બહુ મદદગાર થઈ પડયા હતા તેઓનાં નામપરથી લેવામાં આવ્યાં છે. પવાઇની એસટેટની ખરીદી કરવામાં

ફરામજીએ પોતાનો કશોપણ સ્વાર્થ સાંધેલો નહિ, તેવણની મતલબ તો પરમારથીજ હતી. મજકુર અરજીનો મુંબઇ સરકારના સેક્રેટરીએ જે જવાબ આપ્યો હતો તે ઉપરથી ઉપલી બીનાને ટેકો મળે છે કે. તેમની મતલબ બીન સ્વાર્થી હતી. સેક્રેટરી લખે છે કેઃ—In reply I am desired to acquaint you that observing with great satisfaction your exertion for the extension of cultivation and general improvement of Salsette and appreciating the public spirit you have manifested and the charitable motives which prompt you to perpectuate so great a benefit to the inhabitants of the populous districts in which the reservoirs are situated as that which they now enjoy, through your memo." વિગેરે. આ લખતપત્ર થયા પછી ચાર વરસે ફરામજીની અરજી મંજુર થઇ અને બે ટાંકીમાં ફરામજીની ઉદારતાથી ચોખ્ખું પાણી લોકોને મળવા લાગ્યું. ત્યાર બાદ ત્યાં નીચલી તખતી મુકવામાં આવી હતી.

THE WELLS.

From which these reservoirs are supplied, and the Establishment for driving the water are maintained

BY FRAMJI CAVASJI.

In commemoration of whose liberality this tablet is placed by the British Government.

મુગભાટની વાડીનું વેચાણ.

મુગભાટની વાડી બનાજીઓના હાથમાં છેક ૧૯૧૦-૧૧ સુધી રહી હતી. પછી તેનું રૂપિયા એક લાખ અને ૬૦ હજારે વેચાણ થયું હતું. એમાંથી અગાઉની ગોઠવણ મુજબ બનાજીના વારેસોને રૂપિયા ૨૦૦) પાણીના ભરવા પડતા હતા. ત્યારે સરકાર સાથે એવી ગોઠવણ થઇ કે રૂપિયા ૬૬૦૦૦ કુટુમ્બીઓએ આપવા અને તેમાંથી મુંબઇ બાહેર કયાંબી પાણીછાણીની જરૂર હોય ત્યાં મહુ'મ ફરામજીનાં નામથી વાવ, કુવા તળાવ વિગેરે બંધાવવાં. જોકે આજે ૭ વર્ષ ઉપર થઇ ગયાં છે છતાં તેવું એકબી કામ હસ્તીમાં આવ્યું નથી; અને ૬૬૦૦૦ નું શું થયું છે તે પર વિચાર ચલાવવામાં આવે છે.

પવાઇનાં ગામડાંમાં ધાર્મિક છુટાપણું.

પવાઇની એસ્ટેટનું સરકાર સાથે લખત થયેલું હતું તેમાં દરેક રીતની શરતો સરકારે મેલી હતી; દાખલા તરીકે હીંદુઓના પૂજાના સ્થળો જાળવવાં, ધર્મશાળા અને સરાઇઓ ખોલવી, વાવ કુવા ખોદાવવા વિગેરે. ૧૮૩૭ માં ૪૭૪૭૦

રૂપીએ પવાઇની એસ્ટેટ ફરામજીના હાથમાં આવી અને આસપાસનાં સાત ગામડાં એઓના હાથમાં મેલાયાં.

પવાઇની જાહોજલાલી.

જયારે પવાઈ પહેલ વહેલું આવ્યું ત્યારે ભાગ્યે તેમાં સો સવાસો માણસો રહેતાં હશે અને તેની ઉપજ જેટલું વરશાણુ આપવું પડતું હતું તેની ભાગ્યેજ બરાબર હતી. પહેલાં તો ફરામજીને ગાંઠના ગોપીચંદ કરવા પડતા હતા અને મહેનત જતી તે જુદી. પણ પાછળથી એવણ જેમ કહેતા તેમ પવાઇને "સોનાની ખાણમાં" ફેરવી નાંખા હતી. વરાળ યંત્રો, સુધરેલી ઢબથી નહેર ખોદવાનાં ઓજારો, પાણી લઇ જવાની પાઇપો એ સન્‌ ૧૮૨૫ ના વખતમાં તો તદ્દન નવું અને લોકોને ભારે નવાઇ લાગતી. પણ તે સર્વે વિલાયતથી મંગાવીને અહીંઆં ઉપયોગમાં લેતા, આથી જમીનમાં કસ ઘણો આવતો. પહેલાં શેરડીનો પાક એવણે ઉપજાવ્યો; તેમાંથી ગોળ, ખાંડ, વિગેરે બનાવતા. પાછલાં વરસોમાં ગુળી, કાફી અફીણ, તંબાકુ વિગેરે ઉગાડયાં હતાં. હાલમાં મુંબઇમાં આજેબી રેશમ પકવવા સારૂ કીડા ઉછેરે છે પણ કશું બનતું નથી. પણ તે જમાનામાં તો તેવણે શેતુરનાં ઝાડો રોપેલાં, રેશમના કીડા ઉછેરેલા હતા; નીલગીરીની ચાહ, તરેહવાર હિંદુસ્તાનમાં મળતી ફ્રુટ એ સર્વે પવાઇની એસ્ટેટમાં ઉગતું. ફરામજીએ એસ્ટેટમાં એક લાખ આંબા રોપેલા હતા, અને પોતે કહેતા કે જો દરેક આંબા ઉપરથી

ફકત એકજ રૂપીઓ મારા વારસોને મળે તો તેઓ એક લાખ રૂપીઓ વરસ દહાડે ખાશે. આ મહાન પારસીએ પાંચથી દસ લાખ રૂપીઆ પવાઇને ફળદ્રૂપ બનાવવા માટે તેની જમીનમાં રેડયા હતા. સર જોન માલકમ ગવરનર એક વખતે પોતાના સ્ટાફ સાથે પવાઇ આવીને રહયો હતો. તેની પછી ૧૮૩૧ માં અરલ ઓવકલેર કરીને ગવરનર થયો હતો તે આવીને એસ્ટેટ ઉપર ઉતર્યો હતો. ફરામજી સાથે ખાણી પાણી લીધેલી અને તેમના ઉમદા કામની પીછાણમાં તે ઉમરાવજાદાએ તેમને એક દોઢ હજાર રૂપીઆની સાલ ભેટ આપી હતી. પવાઇ એસ્ટેટની તરેહવાર કુટો ખેતીવાડી સોસાયટી પ્રદરશનમાં દેખાવ દેવા જતી અને દર વેળાએ ઇનામો લઇ આવતી.

મહારાણી વિકટોરીયા ઉપર કેરીની ભેટ.

વિલાયતમાં પહેલ વહેલી કેરીઓ કોઇબી ગૃહસ્થ તરફથી ભેટ તરીકે ગઇ હોય તો ફરામજી બનાજી તરફથી ગઇ હતી. એવણે ૧૮૪૭ માં કે જે વેળાએ હાલના જેવી ઝડપથી સ્ટીમરો આવજા કરતી નહિ હતી અને મહીનાઓ પછી માલ આવજા થઇ શકતો હતો તે જમાનામાં કેરી જેવું નાજુક ફળ મહારાણી વિકટોરીયા ઉપર ભેટ દાખલ મોકલી આપવાનું બીડું ઝડપ્યું હતું. તે વખતે ફરામજીએ પોતાને હાથે એક અંગ્રેજી પત્ર રાણી ઉપર લખ્યો હતો જે વાંચવા જોગ હોવાથી અત્રે એમને એમ મુકી દઇશું.

To Her Most Gracious Majesty the Queen of England.

May it please your Majesty,

The improvement and extension of steam navigation have now happily brought your Majesty's dominions at home and your dominions in the Eastern world so closely together, that I venture most humbly and most respectfully to lay at your Majesty's feet some specimens of the celebrated Bombay mangoes, in earnest hope that this delicious fruit, which has never before been transmitted to Europe, may reach your Majesty in a state of preservation and prove acceptable. Such precautions have been adopted to preserve the fruit as appear most efficacious, but if the botanists of your Majesty's dominions at home can prescribe a preferable method, it shall be adopted in the transmission of further supplies of this or any other kind of fruit peculiar to the country which

has not hitherto been seen in Great Britain."

Your Majesty's most obedient
and faithful Eastern subject.

Bombay,
18th May 1838. } FRAMJI CAVASJI.

એની પીછાણમાં રાણી તરફથી એમને ખાસ એક પત્ર મળ્યો હતો કે જેમાં એમની સેવાની પીછાણ કરી હતી.

મહારાણી વિકટોરીઆને માનપત્ર.

૧૮૪૦ માં મહારાણી વિકટોરીઆનાં લગ્ન પ્રીન્સ ઍાલબર્ટ સાથે થયાં હતાં, ત્યારે મુંબઇના રહેવાસીઓએ એક જાહેર સભા મેળવીને તે નામદારોપર એક માનપત્ર મોકલ્યું હતું. આ ચળવળનો મૂળ આત્મા ફરામજી કાવસજી હતા. તેઓ શેઠ જમશેદજી જીજીભાઇ સાથે એવાં કામો હરહંમેશ હાથ ધરતા ને તેઓ સાથે મળીને પાર પાડતા. બીજે વરસે જ્યારે મહારાણીની પહેલી દીકરી જન્મી ત્યારેઆ ફરામજીએજ માનપત્ર સંબંધી હાલચાલ કરી હતી.

ફરામજીનો જાહેર કંપનીઓ સાથે સંબંધ.

ફરામજી એક સાહસીક પુરૂષ હતા તે આપણે જોઇ ગયા છીએ. ખેતીવાડી ઉપરાંત એવણે ઘણીક સ્થાનીક કંપનીઓ સાથે સંબંધ ધરાવ્યો હતો. એમાં તે વખતે તરતની જી.

આઇ. પી. રેલ્વે હસ્તીમાં આવી હતી; તેની મૂળ સ્થાપના ઇંગ્લંડમાં થઇ હતી અને જે મુંબઇગરાઓએ થોડા ઘણા શેરો લીધેલા તેમાં ફરામજી એક હતા. એવણે એક લાખ રૂપીઆ બસો શેરમાં રોકેલા. જો કે પહેલાં કંપની ઉપર મુશકેલી આવી પડેલી કારણકે ઘાટ ખણી કાઢવામાં ઘણો પૈસો જોઇતો હતો પણ પાછળથી આ કંપની સધ્ધર બની હતી. કંપનીની મુશકેલીમાં ઘણા દેશીઓ ખસી ગયા હતા પણ ફરામજી ચીવટ થઇને વળગી રહયા હતા જેથી યુરોપીયનોમાં એમની આંટ બહુ સારી હતી.

એજ રીતે વરાળ યંત્ર હસ્તીમાં આવવાથી તરેહવાર સાહસો અહીંઆં ઉભા થયેલા હતા. એ સર્વેમાં ફરામજી જીપ-લાવતા હતા; દાખલા તરીકે "કૉટન સ્પીનીંગ વીવીંગ કંપની" નિકળેલી હતી જેમાં એવણે અરધો લાખ રૂપીઓ રોકેલો હતો. ઉદ્યોગ હુન્નર માટેની નિશાળ મુંબઇમાં સ્થાપવાનું એવણને પહેલ વહેલું સુજેલું હતું અને પોતાની હૈયાતી દરમીયાન એક સ્થાપવા માટે ચળવળ ચલાવી હતી, પણ આપણા દેશીઓ એ બાબદમાં આગળ નહિ વધેલા હોવાથી તેમની યોજના પડી ભાંગી. મુંબઇ બેન્કનેબી ૧૬૦ શેર લઇને તેને મોટો ટેકો આપનારાઓમાં એઓ એક હતા.

જ્યારે ૧૮૨૩ માં પહેલ વહેલી ઇન્સ્યુરન્સ કમ્પની નામે નવી બોમ્બે ઇન્સ્યુરન્સ સોસાયટિ કરીને નીકળી

હતી ત્યારે તેના રૂ. ૧૫૦૦૦) ના ૮૦ શેરો હતા તેમાંથી માત્ર ગણત્રીનાજ પારસીઓએ શેરો લીધા હતા. ફરામજી શેઠ પોતે પણ લઇને કમ્પનીમાં એક ભાગીદાર તરીકે જોડાયા હતા. આ રીતે પહેલ વ્હેલાં વીમા સંબંધી ચળવળ કરનારા પણ તેઓજ હતા. બીજે વરસે બોમ્બે લાઇફ ઇન્સ્યુરન્સ કમ્પની નીકળી હતી ત્યારે તેમાંબી એઓ ભાગીદાર હતા. ૧૮૩૫ માં સરકાર તરફથી પહેલ વ્હેલાં સેવીંગ બેન્ક સ્થાપવામાં આવી હતી તેના એક ડીરેકટર દાખલ ફરામજી કાવશજીને ઠરાવવામાં આવ્યા હતા. વળી ૧૮૩૬ માં "બોમ્બે ચેમ્બર ઑફ કૉમર્સ" હસ્તીમાં આવી તો તેને પણ સ્થાપવામાં ફરામજીએજ કીમતી મદદ આપી હતી.

બનાજીનું દોખ્મું.

બનાજી શેઠ જેટલા પૈસા વાળાને ઉધોગી હતા તેટલા ચેક્રીનમાં પ્રમાણીક ને સાચા હતા. પોતાનો ધર્મ સમજવા સારૂ ઝંદ પહેલવી, ફારસી વિગેરે કીતાબોનો તરજુમો કરાવતા અને તે વાંચતા. એ રીતે "વંદીદાદ" "યજશની" ના તરજુમા હજારો રૂપીઆ આપીને કરાવ્યા હતા. એજ રીતે વળી અંગ્રેજી ગુજરાતી પણ વાંચવાનો ધણો શોખ હતો એથી પોતે ધણા ધરમાતુ અને નેક જીંદગી ગુજારનાર હતા. જેમ પોતાનો દિકરો ગુજરી ગયો ને સખાવતમાં નાણાં વાપર્યાં તેમ ૧૮૩૧ માં એવણની એક દિકરી નામે દીનબાઇ ગુજરી ગઇ હતી. તેવણનાં નામથી એવણે ચોપાટી ઉપર એક જમીનનો

ટુકડો લીધો અને રૂપીઆ પચીસ હજારને ખરચે એક દખમું બંધાવ્યું. દખમુ ઇંજાવ્યુ ત્યારે હજારો પારસીઓ એકઠા મળ્યા હતા અને સર્વે ઠેકાણે ફ્રામજીએ જાહેર તહેવાર પળાવ્યો હતો. જાણવા જોગ એ છે કે આ દખમાનો પ્લાન પહેલ વહેલા પારસી ઇજનેર પસાર થયેલા તેઓમાં એક સોરાબજી પુણેગર હતા તેઓએ રચ્યો હતો. બે વરસ રહીને ગવરનર કલેર આ દખમાની મુલાકાતે ગયો હતો અને તેને ફ્રામજીએ દખમાનો એક મોડલ આપ્યો હતો જે પાછળથી વિલાતની એશીયાટીક સોસાયટીમાં મુકવામાં આવ્યો હતો.

બનાજીનું આતશ બહેરામ.

તે વખતે આપણામાં એવી માન્યતા હતી કે પોતાના વડવાના પુન્ય અર્થે જો કંઇબી ધર્મ ખાતું બાંધવામાં આવે તો તે એક સવાબનું કામ છે. ફ્રામજી પોતે પોતાના બાપના એક દીનદાર અને તાબેદાર બેટા હતા. પોતાના બાપનાં નામથી પોતાના ભાઇઓ સાથે મળીને બનાજીનું આતશ બહેરામ સ્થાપવાનો ઇરાદો કર્યો. હાલમાં જ્યાં ચરનીરોડનું સ્ટેશન છે ત્યાં પહેલાં દર્યો હતો, એની પાસે એક જમીનનો ટુકડો લઇને કે જ્યાં હાલ આતશ બહેરામ આવેલું છે ત્યાં એક બાંધવાનો ઠરાવ કીધો. દખમું બંધાવ્યા પછી ૧૪ વરસે આતશ બહેરામ હસ્તીમાં આવ્યું. દસ્તુર જમશેદજી જામાસપ આસાનાએ સર્વે ક્રીયા કામ કીધું

હતું અને બધો મળીને અઢી ત્રણ લાખનો ખર્ચ થયો હતો જેમાંથી એકથી દોઢ લાખ તો ફરામજીએ આપ્યો હતો; અને વળી ચાલુ નિભાવ ફંડને સારૂ પવાઇ નજદીકના બે ગામડાંઓ આપી દીધાં હતાં. વળી રૂપીઆ એક લાખ ગહમ્બાર કરવા માટે એલાયદા મુકયા હતા અને પોતાના બે દિકરાઓ તેમજ ભત્રીજા અને ભાઇને ત્રસ્ટીઓ નેમ્યા હતા. પાછળથી જયારે ફરામજીનાં ધણીઆણી ગુજરી ગયાં ત્યારે એવણના દિકરાઓએ નાણાની એક રકમ ભેગી કરીને દસ્તુરોને રહેવા માટેનું મકાન વિગેરે કરી આપ્યું.

મુંબઇમાં પહેલ વહેલી ગેસ લાઇટ.

જયારે અરદેશર શેઠ કે જેવણ દાદી શેઠના દિકરા થતા હતા તેવણના હાથ નીચે ફરામજી કામ કરતા હતા એટલે કે લગભગ ૧૮૦૦ ના સાલમાં, ત્યારે અરદેશર શેઠે એમને હોમજી સ્ટ્રીટમાં નાનું રહેવા માટે ઘેર આપેલું હતું. પાછળથી પરવરદેગારની બક્ષીશથી એવણ દોલતમંદ થયા ત્યારે મજગામ ખાતે એક આલીશાન મહેલ બાંધ્યો અને અહીંઆં આખા મુંબઇમાં એવણે ગેસ લાઇટ પહેલ વ્હેલી દાખલ કરેલી. કહે છે કે તે વખતે આસપાસના ગામડાના લોકો ટોળાબંધ જોવા આવતા હતા. એ બતાવે છે કે ફરામજી પોતાના સુખમાં કશોપણ ખતરો પડવા દેતા નહિ અને જીંદગી આનંદી ગુજારતા હતા.

ફ્રામજીનું મરણ.

ઘડપણ થતાં ફ્રામજીને પિશાબનું દરદ લાગુ પડયું હતું અને બહુએ ઉપાય કીધા પણ કંઇ બન્યું નહિ એટલે ૮૫ વરની બુજોરગ વયે પોતાનાં મજગામ ખાતે રહેવાનાં મકાનમાં ૧૮૫૧ માં ૧૨ મી ફેબ્રુઆરીએ મરણ પામ્યા હતા. એમના પાછળા દિવસો સુખી ન હતા કારણ કે એમના બેટાઓએ એમને રંજીદા કીધા હતા. વળી મરણ આગળ એકજ વરસ અગાઉ એમનું વહાણ "સુલેમાન" મદ્રાસ ખાતે ડુબી ગયું હતું. અને બીજું કલકતામાં બળી ગયું હતું. મરણ વખતે એમણે સારા દિવસો નહિ જોયા હતા. એમની સઘળી દોલત એમના વિધવા બચુબાઈ પાસે ગઇ જેઓએ ૧૮૫૮ માં ૯૨ વરસની ઉમરે ગુજર્યા ત્યાં સુધી ધર્મી કામો કરવા પાછળ પોતાની જીંદગી ગાળી હતી.

ફ્રામજીના ગુણો.

ફ્રામજી સ્વભાવે ઘણા નેક હતા અને આકળા હોવા છતાં કોઇનેબી તેનો ગુનાહ માફ કરવાને તૈયાર હતા. સચ્ચાઇને ખાતર એવણે તરેહવાર દુ:ખો વેઠયાં હતાં. પ્રમાણીક નીષ્ઠાથી પોતાનો ધંધોધાપો ઘણો વધાર્યો હતો. બાપ બપાવા તરફથી દોલત મળી હતી તોબી ખંતીલા કાળજીમંદ અને ઉમંગી હતા, ઘરસંસારની જીંદગીમાં બહુ ખટપટ થયેલી ત્યારેબી ધીરજથી સઘળુ સહન કરી લીધું હતું. પંચાયતના ટ્રસ્ટી તરીકે એવણે ઘણી સુલેહ સંપથી

પોતાનું કામ બજાવ્યું હતું અને ખાનગી કુટુંબોમાં વઢવાડ થતો ત્યારે ઘરમેળે બધા ફેસલા ચુકવતા. એક ઘણો રમુજી દાખલો છે. એકજણો પંચાયતને અરજ કરવા ગયો કે મારી બૈરીથી મને છુટા છેડા આપો. ફરામજીએ તેને ઘેર બોલાવ્યો અને પુછ્યું કે તેનું કારણ શું ? જવાબ મળ્યો કે મારી બૈરી ઘણી કાળી છે અને મને ગમતી નથી. ફરામજીએ બીજે દહાડે પાછો બોલાવ્યો અને તેજ ઓરડામાં પોતાના ધણીઆણીને પણ બોલાવ્યાં જ્યારે ફરીયાદીએ ફરીને કહ્યું કે મારી બૈરી કાળી છે અને ગમતી નથી ત્યારે તરતજ પોતાનાં ધણીઆણી તરફ આંગલી કરીને કહ્યું કે આ મારાં ધણીઆણી તારી બૈરી કરતાં વધારે કાળાં છે છતાં પણ હું તેમને રાખું છું અને તેવણના હુકમસર ચાલું છું. પેલા ફરીયાદીને બહુ ખજાલત લાગી એટલે મારી ચાહી પોતાની બૈરીને પાછી પોતાને ઘર લઇ ગયો અને ફરામજીએ તેને સારી સેસ કરી આપી. ફરામજી ઉધોગી અને સાહસીક કેટલા હતા તેના અનેક દાખલાઓ ઉપર જોઇ ગયા છીએ.

ફરામજીની સખાવતો.

કોમની સખાવતોમાં જે કામ કીધાં તેમની ટુંક નોંધ ઉપર લીધી છે. પણ એ ઉપરાંત સાર્વજનીક સખાવતો પણ ઘણી કીધી હતી. પોતે કદમી હતા જેથી કદમીને લગતાં ગહંબાર ફંડો કાઢેલાં હતાં. મોટાં મોટાં જાહેર ફંડો

ઉભા થતાં ત્યારે એઓ ભર્યા વિના રહેતા નહિ; દાખલા તરીકે સર ચારલ્સ ફોરબસ ૧૮૧૧ માં ફારેગ થયો ત્યારે તેને એક "સરવીસ પ્લેટ" ભેટ આપવાના ફંડમાં ૧૬૦૦ રૂપીઆ ભર્યા હતા. એ રીતે એલેકસનડેર બેલકે જે કાઉન્સીલનો મેમ્બર હતો તેને, જેમ્સ ક્રોફરડ કે જે જાણીતો મેજીસ્ટ્રેટ હતો, કરનલ બ્રુકસ કે જે સરકારી આરકીટેકટ હતો તે, ગવરનર એલફીન્સટન, નેત્ર શાળાનો વડો વિલીયમ જેકરસન, કાઉન્સીલનો મેમ્બર જોન રોમર એ સર્વે નોકરીપરથી ફારેગ થયા હતા ત્યારે તેમને ભેટ આપવાનાં ફંડમાં ફરામજી બનાજીની મુખ્ય મદદ હતી. ઉત્તર હિંદુસ્તાનમાં ૧૮૧૨ માં સખત દુકાળ પડયો હતો જેમાં હજારો દેશીઓ મુંબઇ તરફ નાસી આવ્યા હતા. ત્યારે શેઠ પેસ્તનજી બમનજી વાડીઆ, દેવીદાસ હરજીવનદાસ અને નાગરદાસ મોદીએ આ જાહેર ફંડ સ્થાપ્યું હતું જેમાં પારસીઓએ એકંદર રૂા. વીસ હજાર જેટલા ભર્યા હતા જેમાં ફરામજીનો દોઢ હજાર જેટલાનો ફાળો હતો.

૧૮૧૫ માં લશ્કરી સીપાઇઓને માટેના અસાયલમમાં, વોટરલુની લડાઇનો નામાંકીત હીરો વીલીંગટન મરણ પામ્યો ત્યારે તેના ફંડમાં, નેટીવ એડયુકેશનનાં બીલ્ડીંગ ફંડમાં, બોમ્બે જનરલ લાઇબ્રેરીનાં ભાડાં ખાતે, પાંજરાપોળમાં, ૧૮૩૭ માં સુરતમાં આગ લાગેલી તેના સંકટ નીવારણ ફંડમાં, ૧૮૩૭ માં કોટના દેવળમાં ઘડીઆળ મુકાવેલી આપ્યું હતું તેમાં, તેમજ ઉત્તર પશ્ચિમમાં દુકાળ

જાગેલો તેના નિવારણ ફંડમાં વિગેરે, તરેહવાર નાનાં મોટાં ફંડોમાં ફરામજી બનાજીએ પોતાનો હિસ્સો કોઇ ઠેકાણે બે હજાર તો કોઇ ઠેકાણે ચાર હજાર એમ ભરી આપ્યો હતો. એલફીન્સટન કૉલેજમાં ૧૮૩૫માં કલેર સ્કોલરશીપ સ્થાપી હતી તેજ રીતે જમશેદજી જીજીભાઇ ટ્રાનસલેશન ફંડમાં પણ એવણે ૧૮૪૨ માં રૂપીઆ ૫૦૦ ભર્યા હતા, ગ્રાંટ મેડીકલ કોલેજમાં એક ઇનામ સ્થાપેલું, રીડસ સ્કોલરશીપના સ્થાપક એવણ હતા; ૧૮૫૦ માં સુવાવડ ખાતું હસ્તીમાં આવ્યું ત્યારે તેનાં ફંડમાં એવણે નાણાં ભરી આપેલાં હતાં. આ તો બધી એમની નાની સુની સખાવતો હતી.

આ વખતે એટલું જણાવવું જરૂરનું થઇ પડશે કે ૧૮૧૪ માં કેટલાક પારસી, હિંદુ, મુસલમાનોએ મુંબઇના ગવરનર સર આઇવીન નેપીઅનને અરજ કરી હતી કે પોલીસનાં માણસો રસ્તામાં ફરતાં જાનવરોને પકડી લઈ જઇ મારી નાંખે છે માટે તેનો અટકાવ થવો જોઇએ. આ અરજીમાં વાડીઆ, પાંડે, શેઠ વિગેરે ખાનદાનોની સહીઓ ભેગી ફરામજી બનાજીએ પણ કરી હતી અને ચળવળ જોશભર ઉપાડી લીધી હતી જે એમનો દયાળુ દીલ ગુરદો કેટલો હતો તે બતાવી આપે છે.

મુંબઇમાં ગરીબ સ્ત્રીઓને માટે એક સુવાવડખાનુ સ્થાપવા બાબે ફરામજીએ જે હિલચાલ ઉપાડી હતી તે આપણે જોઇશું. ૧૮૫૦ ના એપ્રીલ માસમાં ટાઉન હોલમાં

ઑ. મી. બ્લૅન્કનાં પ્રમુખપણાં હેઠળ અંગ્રેજ તેમજ દેશીઓની એક જાહેર સભા મળી હતી જે વખતે સ્ત્રીઓના સુવાવડ વખતના મુશ્કેલ વખતે તેમને કીમતી મદદ મળવી જોઇએ એવું ઠરાવવામાં આવતાં ગ્રાન્ટ મેડીકલ હોલ જેમાંજ એક ઑબ્સ્ટ્રેટ્રીક ખાતું સ્થાપવા સંબંધી ઠરાવ કરવામાં આવ્યો. તે માટે જે કમિટિ નેમાઈ તેમાં ૬ પારસીઓ હતા એમાં-ના એક ફરામજી શેઠ હતા.

ફરામજી કાવસજી અને ધોબીતલાવ.

જ્યાં હાલ ફરામજી કાવસજી ઇન્સીટયુટ તૂટી ગયું છે ત્યાં તેની પાસે પહેલાં પોર્ટુગીઝ સરકારના વખતમાં એક ધોબીએ પોતાના જાતભાઇઓ માટે એક તળાવ બાંધ્યું હતું. અહીંઆં ધોબીઓ કપડાં ધોવા આવતા. એમ કરતાં તળાવનું પાણી બહુ ગંદુ થઈ ગયું. વળી ૧૮૩૯ માં વરસાદ નહિ પડવાથી સુકમણા થઇ ગયાં. તેથી ફરામજીએ પોતાને ખરચે તળાવને સાફ કરાવ્યું અને ઉંડું ખોદાવ્યું એની ઉપર ફરામજીને અરધો લાખ રૂપિયો ખરચ થયો હતો. એક વરસ બાદ મુંબઇના ગવરનર સર જોન કારનેક આ તળા-વની તેમજ મુગભાટવાડીની મુલાકાત લેવા ગયો હતો અને તળાવને "ફરામજી કાવસજી ટેન્ક" કરીને નામ આપ્યું હતું અને એક શાલ તેવણને ભેટ આપી હતી, આ તળાવ અને તેની સાથનું ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટ બંને આજે અફસોસકારક છે કે ધરતી ઉપર દેખાતાં નથી.

ફ્રામજીના માનમાં મળેલી સભા.

ફ્રામજીની પહેલાં જો કે હિંદુસ્તાનમાં રામ મોહન રાય જેવા બહુ મોટા આસામીઓ મરી ગયા હતા છતાં તેઓનાં નામથી એવી જાહેર સભા મળી ન હતી કે જ્યાં આગળ સરકાર તેમજ પ્રજા, કોમ તેમજ પંર કોમ સર્વ એકઠા થઇને મરહુમના ગુણની તારીફ કરી હોય. ફ્રામજી કાવસજીના મરણ બાદ એવી સભા મળી હતી અને તે હિંદુસ્તાનમાં પહેલ વહેલી હતી. સદર અદાલતનો વડો જજ લગેઇટ હતો તેનાં પ્રમુખપણાં હેઠળ ટાઉન હોલમાં એક ગંજાવર મીટીંગ ભરવામાં આવી હતી. તે વખતે હિંદુઓમાં જગન્નાથ શંકર શેઠ, મુસલમાનોમાં મહમદભાઇ રોગે ત્યાર પછી નારાયણ દીનાનાથ, વરજીવનદાસ માધવદાસ વિગેરે જેવા હિંદુભાઇઓ અને સૌથી મશહુર પારસીઓ હાજર હતા. સર અરસકીન પેરી અને લગેઇટે ઘણા જુસ્સાદાર અને જાણવાજોગ ભાષણો કીધાં હતાં જેમ કરતાં સર અરસકીને નીચે મુજબ જણાવ્યું હતું:—

સર અરસકીન પેરીએ કરેલી સ્તુતી.

You, as his friend and as your colleague Mr. Chairman, know how highly I estimated the character of our deceased friend. He was not a scholar and for the last ten years of his life he was

not a wealthy man; indeed, he had fallen into evil days, and yet he managed to secure the esteem and love of all who came within his influence; and the question which suggests itself is what were the qualities which now we esteem and love which he possessed of all the inhabitents of Bombay. His eminent good citizenship. He possessed that virtue, not common among people now, in an eminent degree. It is a virtue too little exemplified by our Hindu friends, who, I hope, will excuse me for so saying, nor is it universal among the Parsis, but it is more so among them and among other classes. Framji Kavasji exercised that virtue more than others of his countrymen: he was a steady good citizen, bold enough to speak out his opinion, and energetic to exert himself to do his country good. These virtues we are desirous to see universal.

ત્યાર બાદ જગન્નાથ શંકર શેઠે એવો ઠરાવ મૂક્યો હતો કે ફરામજી કાવસજીની યાદગીરી જાળવવી. અને પ્રોફેસર

પેટને ટેકો આપતાં એવું જણાવ્યું હતું કે ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટ નામનું એક મકાન ઉભુ કરવું કે જ્યાં આગળ સ્ટુડન્ટસ લીટરરી અને સાયનટીફીક સોસાયટીની દેખરેખ હેઠળ એક મ્યુઝીયમ તેમજ લેકચર રૂમ, લાયબ્રેરી વિગેરે સ્થાપવામાં આવે. એમ કરતાં પ્રોફેસર પેટને એક બહુ જાણવા જોગ ભાષણ કીધું હતું અને ફરામજી શેઠની સેવાની જાબજા સ્તુતી કરી હતી. પ્રોફેસર પેટનનો ઠરાવ નીચે મુજબ હતોઃ—

પ્રોફેસર પેટને મુકેલો ઠરાવ.

Funds which have been already collected and others as may be subsequently added, be appropriated to the formation of a Museum, in connection with "The students' Literary and Scientific society"; and that this Meeting unite with them in requesting Government to erect a building to contain a lecture-room, laboratory, and to permit the building to be called "The Framji Cavasji Institute." સર અર્સકીન પેરીએ જે તારીફ કરી હતી તે ઉપર ટાંકવામાં આવી છે. પણ એ વખતે દાદાભાઇ નવરોજી એલ્ફીન્સ્ટન ઇન્સ્ટિટયુટમાં પ્રોફેસરના નવા સવા ઓહ્દા ઉપર આવેલા હતા તેવણેબી આ તકે એક બહુ અસરકારક ભાષણ કરતાં પોતાની

સ્ટુડન્ટસ લીટરરી સોસાયટિને મદદ મળે તે સારૂ ફરામજી કાવસજી ઇન્સ્ટિટયુટ સ્થાપન કરવાની સખત ભલામણ કીધી હતી.

મર્હુમ ફરામજી તરફથી માનવામાં આવેલો આભાર.

આ વખતે સભાને છેડે શેઠ સોરાબજી પેસ્તનજી ફરામજી કે જેઓએ પાછળથી લગભગ રૂપિયા ૭ હજાર ફરામજી કાવસજી ઇન્સ્ટિટયુટમાં ભર્યા હતા તેઓએ પોતાના બપાવા તરફથી ઉભા થઇને જે ભાષણ આપ્યું હતું તે આપણે હેઠળ એમનું એમ આપીશું. એ ઉપરથી જણાશે કે ફરામજી શેઠ પોતે કુટુમ્બ કબીલા તરફ કહેવા માયા અને મમતાથી વર્તતા હતા અને એમની હસ્તી વટીક કુટુમ્બમાં ગોયા રોસ્ની પાંથરનારી હતી. આ સોરાબજી શેઠ પોતે ભણેલા હતા એટલે એમનો વિદ્યા અભ્યાસ તરફ કુદરતી શોખ હોય એ બનવા જોગ છે. એમણે પાછળથી કેટલીક લાઇબ્રેરીઓને ઘણી કીંમતી ચોપડીઓ ભેટ કરી હતી જેમાંની કેટલીક મુલ્લાં ફીરોઝ લાઇબ્રેરીમાં પણ છે. આ ચોપડીઓમાં ખાસ કરીને ઇરાનની તવારીખને લગતાં ઓરીજીનલ ચિત્રોના જે પોથા છે તે આજે કેથે મળતા પણ નથી. તેમણે કરેલું ભાષણ નીચે મુજબ હતું:—

Mr. Chairman and Gentlemen,—Before the proceedings of this meeting are con-

cluded, I trust you will allow me to speak a few words, and with your permission, I shall at once proceed to read the paper in my hand. As it has fallen to my lot, Gentlemen, I rise to speak on behalf of my old grand-mother, and the other members of the family of my reverend and lamented grand-father, the late Framji Cavasji, to commemorate whose name you have raised a fund and have met here this day to adopt the best means of appropriating that money. His friends and the community who have shown their kind intentions of thus perpetuating the memory of the deceased gentleman, must have felt his loss; but it is with extreme pain I say, that his loss to the family has been greater, for in him we have lost a kind patron, a beloved and the most affectionate of fathers, and the protector of many orphans, and widows,-his loss, therefore, shall ever remain engraved on our hearts as long as we live. The severity of affections of

his aged widow, can be better imagined than described; but she was not the less gratified when she heard that her husband's name was about to be perpetuated by a suitable testemonial from his friends and country-men. Indeed this has proved a very great consolation to her, as she is convinced that her dear companion did not (to use the Persian saying) come into the world and go away without doing anything. As to his deeds and how praiseworthy they may be, I will not take upon myself to enter into particulars, although I have had ample opportunities of witnessing many of them, for however strong my voice may be in his favour, it would not sound so well and so gracefully as yours would. Moreover, our worthy Chairman, from his long acquaintance with the career of the life of the deceased as well as the Honorable the Chief Justice, and the other gentlemen who have preceded me, have already said enough about his

character, and who have, I have no doubt, left a sufficient impression upon your minds, of the desirableness of thus publicly appreciating the good services, which the deceased gentleman rendered to his fellow countrymen. It is the duty of every man, if it lay in his power, to assist and devise means for the good of his fellow creatures, and it was with these pure and honest motives that the deceased devoted himself during his long life to do some service to his countrymen. And as deserving merits have never failed to meet with due reward, I am glad, nay proud to find, that for the little good the deceased may have been able to do while in the performance of his duties towards his fellow brethren, he is held in such estimation in the eyes of you all, and that such a mark of tribute is paid by you to his departed life. This does not only preserve the name of the deceased, but also bestows a great and an everlasting honour on us, his

descendants, should we be so fortunate as to follow his footsteps. Allow me therefore, Gentlemen, to express to you in behalf of the old lady my grandmother, my father, and other members of the family, allow me so to express their sincere and graceful thanks to you all, and to those Gentlemen individually who have since his death, showed a great desire to perpetuate his memory. With regard to the object to which you have now resolved, Gentlemen, to appropriate the fund, I am happy to say it is just the very thing which the deceased Gentleman had always in his heart. For I remember well that he often expressed his earnest desire to make arrangements to teach the Students of this noble Institution every branch of knowledge, such as to use his own words, the science of calculating the movements of the stars, that is Astronomy, Navigation and other similar sciences, his desire therefore is now, I am glad to say,

about to be fulfilled by the hands of you his friends, and I trust that the "Framji Cawasji Institute" will henceforth prove to be a school for the advancement of the students of the Elphinstone Institution, and through their medium it will, I venture to hope, be a source of diffusing scientific, useful knowledge among the natives of this country. And in conclusion, I hope and pray that the projectors of this Institution may be blessed with every success in their best intended endeavours.

"બોમ્બે ટાઇમ્સે" ફરામજીની કરેલી સ્તુતી.

ફરામજી પોતે જેટલી કેળવણી, વિદ્યા હુન્નર વિગેરેને ટેકો આપનારા હતા તેમ વળી તેઓ છાપાને પણ મદદ કરનારા હતા. સર ચાર્લ્સ મેટકાફ જ્યારે બ્રિટિશ કમ્પની તરફથી ગવર્નર-જેનરલ નેમાયો હતો ત્યારે તેણે છાપાનું છુટાપણું પહેલ વહેલું આપ્યું હતું. તેજ જમાનામાં ફરામજી જીવતા હતા. મુંબઇમાં "મુંબઇ સમાચાર" જેવું પત્ર ફરદુનજી બહેરામજી મર્ઝબાન ચલાવતા હતા અને અંગ્રેજીમાં "બોમ્બે ટાઇમ્સ" મુખ્ય હતું કે જેને અગાઉના પારસીઓનો મોટો ટેકો હતો. જ્યારે ૧૮૫૧ માં ફરામજી

ગુજર્યો ત્યારે "ટાઇમ્સ" નો અધિપતિ ડૉ. બ્યુઇસ્ટ હતો કે જે ફરામજીનો અંગત મિત્ર હતો. બ્યુઇસ્ટ ફરામજીનો કેટલો આભારી હતો–ગોયાં છુટાપણું ભોગવતો એક છાપો ફરામજી શેઠને કેટલો આભારી હતો તે તેણે ફરામજીનાં મરણને દિવસે એક લંબાણુ આર્ટિકલ લખી તે ઉપરથી જણાય છે. બ્યુઇસ્ટ એ સંબંધમાં પોતાનાં લખાણમાં જણાવેછે કે:–" A vast addition to the number of the European community and increase to the mercantile enterprise of the Presidency having been occasioned by the operations of the new charter fostered as they were by the exertions of a succession of able and patriotic administrations in the period just preceding 1840, it became apparent that new life-blood was wanted in the press, and that newspapers must from henceforth have much more important tasks to perform than the announcement of the reliefs of the army, the chronicling of the movements of the Governor, or festivals at Government House, the accidents of the chase or calamities of famine or conflagration. A free press was desi-

derated for the advocacy of public measures now that freedom of discussion had been permitted to newspapers and a public created for their perusal, while the opening up of the overland communication was beginning to permit the transmission of enlightenment to the people at home through the journals of India. To this as to all other changes in the political sky the subject of our notice was fully alive, and Framji Kavasji was one of the first of those who exerted themselves to bring into existance the journal which now chronicles his demise." "બોમ્બે ટાઇમ્સ" જે પાછળથી "ટાઇમ્સ ઑફ ઇન્ડીઆ" માં ફેરવાઇ ગયું તેને હસ્તીમાં લાવનારાઓમાં ફરામજી એક આગેવાન હતા તે છેલ્લાં વાકયપરથી આપણને જણાઇ આવે છે.

એજ પત્રમાં જે વધુ લખાણ આવ્યું છે તે મહુંમની જાહેરજીંદગી તેમજ કેળવણી ઇત્યાદિ તરફની સેવાનો વધું દાખલો પૂરો પાડે છે જે અત્રે ટપકાવી લઇશુઃ-કેળવણી બાબે તે પત્ર લખતાં જણાવે છે કે He was one of the most active of those who shared or

assisted in the great educational movement, at its height in the bright and memorable era of our history, Mr. Elphinstone's time-to which so many auspicious events are referred, and on which the memory so delights to dwell. He was a member of the Education Board from the time of its establishment till advancing years and increasing infirmities induced him a few months since to withdraw, when he found himself unable longer to discharge the duties in the manner he desired. His notions of native education were from the outset in strict accordance with the views so often expressed in these columns, and nearly a quarter of a century ago, he recommended a system of instruction similar to that only now beginning to make its appearance amongst us; that which enables the pupil in after life to earn his bread, or add to his resources or comforts. છેવટના સખુનો નીચે મુજબ લખાયલા છે.–The intelligence, kind-heartedness, and benevolence, which

formed such distinguished traits in his character, honorable as they were, were eclipsed by the stern integrity, the candour, truth, and perfect frankness, for which through life he was conspicuous. Though old age had of late years made him garrulous, it had diminished none of the qualities by which he had all along been marked; and the same clear veiws of things; the same sound sense and far seeing sagacity for which through life he had been remarkable, continued to mainfest themselves to the last.

કેળવણી વિગેરેનાં કામમાં ફરામજી શેઠ ઉદાર વૃત્તિથી વર્તતા હતા તેનો એક વધુ દાખલો એ છે કે જ્યારે ૧૮૨૨ માં મોબેદ ફરદુનજી મર્ઝબાનજીએ પહેલ વહેલુ સમાચાર પત્ર કાઢયું હતું ત્યારે તેમાં બધા મળીને ૬૭ પારસીઓએ ઘરાક તરીકે પોતાનાં નામ નોંધાવ્યાં હતાં એમાં ફરામજીનું પણ એક હતું. વળી બીજી અનેક રીતે પણ આ પત્રને એઓએ ટેકો આપ્યો હતો.

ફરામજી અને જાહેર જીંદગી.

ફરામજી કાવસજી બનાજીએ ખરૂં જોતાં હાલની મુંબઇની જાહેર જીંદગીનો પ્રોયા પાયો નાંખ્યો હતો. તેવણે

અને ત્યાર બાદ નવરોઝજી ફરદુનજી એ બે જણાને દાદાભાઈ નવરોજી અને સર ફીરોઝશાહ મહેતાની મહાન જાહેર જીંદગી આભારી છે. સર ફીરોઝશાહ હંમેશાં કહેતા કે જાહેર જીંદગીનો પહેલ વ્હેલો પાયો નાંખનાર ફરામજી કાવસજીજ હતા. એ રીતે દાદાભાઇ નવરોજીબી ફરામજીના આ સંબંધને મધુર રીતે યાદ કરતા.

ફરામજી કાવશજી ઇન્સ્ટિટયુટ.

આ મકાનની હસ્તી કેમ થઇ તે આપણે જોઇ ગયા છીએ. તેને લગતું જે ફંડ ખોલવામાં આવ્યું હતું તેમાં પહેલા હફતામાં પારસીઓએ રૂપિયા ૪૨૮૫; યુરોપીઅનોએ ૩૭૫૫; હિંદુઓએ રૂ. ૧૨૭૭; મુસલમાનોએ ૨૫૬; યહુદીઓએ રૂ. ૫૦ અને પોર્ટુગીઝોએ રૂ. ૧૫ મળીને એકંદર જુમ્લો રૂ. ૯૬૩૮ નો થયો હતો જેમાં મુંબઇ સરકારે રૂ. ૪૦૦૦ ઉમેર્યાં હતા. વધારે ઉઘરાણું થતાં સ્ટુડન્ટસ લીટરરી સોસાયટિએ રૂપિયા ૬૦૨૦ ભર્યાં હતા. સૌથી વધુ રકમ પાછળથી ૫૪૨૦૦ જેટલી શેઠ સોરાબજી પેસ્તનજી ફરામજીએ ભરી હતી જેઓ મર્હુમના દીકરાના દીકરા થતા હતા. સપટેમ્બર ૧૮૬૪ માં લાઇબ્રેરી ખોલવામાં આવી હતી અને ઇન્સ્ટિટયુટનું મકાન તેજ સાલમાં ફેબ્રુઆરીની ૨૪ મી એ ખોલ્લું મૂકવામાં આવ્યું હતું.

૧૮૬૨ ના ફેબ્રુઆરી માસમાં ઑન. શેઠ જગન્નાથ શંકર શેઠનાં પ્રમુખપણાં હેઠળ ફરામજી કાવસજી તળાવ નજીક

ઇન્સ્ટિટયુટનો પાયો નાંખવામાં આવ્યો હતો જે વખતે મુંબઇના સર્વે નામાંકિત પુરૂષો હાજર હતા. જગન્નાથ શેઠે બહુ કીમતી વિવેચન કીધું હતું. છેવટે તેવણે જણાવ્યું હતું કે × × × "Framji Cavasji was one of those whom you would call "Old Bombay" and for my old friend and for that class of "old Bombay," Iwould express the hope that, when in the enjoynment of the benefits thus secured to you by them in this instance as well as in numerous others you may have a kindly thought for those to whom you are indebted for them." જગન્નાથ શેઠે તખ્તી જડી હતી જેમાં પાયાની તારીખ વાર તેમજ ફરામજીનું નામ સર્વે કોતરવામાં આવ્યું હતું.

પહેલાં મ્યુઝીઅમ અને બીજા પ્રકારનાં કેળવણીને લગતાં હથિયારો પણ આજ ખાતાંમાં મેલવાની ભલામણ કરવામાં આવી હતી. પણ પાછળથી વીકટોરીઆ મ્યુઝીઅમ સ્થપાયું એટલે મ્યુઝીઅમ વિગેરેને લગતી સર્વે ચીજો ત્યાં લઇ જવામાં આવી હતી અને ઇન્સ્ટિટયુટ જે કામો માટે પાછળથી તે આજ સુધી વાપરવામાં આવતું હતું તેને માટેજ રાખવામાં આવ્યું હતું. આ આલીશાન મકાનમાં

દરેક પ્રકારના મહાન મેળાવડા થયા હતા અને દાદાભાઇ નવરોજી, ફીરોઝશાહ મહેતા, મહાદેવ રાનાડે, ગોપાળ ગોખલે, કાશીનાથ તીલાંગ તેમજ તેવાજ યુરોપીઅન વકતાઓએ તરેહવાર પ્રકારનાં ભાષણ આપ્યાં હતાં. દરેક પ્રકારની સાર્વજનિક હિલચાલનું બી ફ્રામજી કાવશજી ઇન્સ્ટિટયુટમાં રોપાયલું તવારીખમાં નોંધાયું છે. આજે તે જમીનદોસ્ત થયો છે; પરવરદેગાર કરેને તે વ્હેલો હસ્તીમાં આવે કે જેથી કરીને આપણા આ મહાન વડવાનું નામ સદા આશકારા અને જાવેદાન રહે !!!

રસ્તમજી કાવશજી બનાજી.

ચોપડીમાં આપેલાં સાંકળ્યાંમાં જે બે નામો રસ્તમજી અને ખરશેદજીનાં જોવામાં આવે છે અને જેઓ કાવશજી બાવાના દીકરાઓ અને ફ્રામજીના ભાઇઓ થતા હતા તેઓ વિષે થોડુંક જણાવવું લાયક થઈ પડશે. પારસીઓમાં સાહસિક જુસ્સો ઘણો છે તે તો ખુદ આજેબી આપણને જાણીતી બીના છે. પહેલાં તો ગોયા દરેક પારસી બચ્ચો પોતાનો સ્વતંત્ર ધંધો સ્થાપવાની પોતાની ફર્જ સમજતો. આજે પારસી જુવાન્યાઓ થોડું ઘણું શીખ્યા નહિ શીખ્યા એટલે નોકરીચાકરીએ લાગી જાય છે અને પછી તેમાં સબડયા કરે છે અને આગળ વધવા યા સ્વતંત્ર ધંધો ધાપો હાથ ધરવાની કશીબી વેતરણ કરતા નથી. તેમ પહેલાં હતું નહિ. રસ્તમજી કલકત્તે ગયા હતા અને સ્વતંત્ર વેપાર

બહોળા પાયાપર કરવા માંડયો હતો. તેમનાં કેટલાંક વ્હાણો દર્યાપર મુસાફરી કરતાં હતાં. કલકત્તામાં તે વખતે બ્રીટીશ કમ્પનીની સત્તા હતી અને વેપાર વણજમાં પણ તે સૌથી પહેલું આવતું હતું. પહેલાં તો રસ્તમજીએ એકલાજ જઇને ત્યાં ધંધો શરૂ કીધો હતો. પાછળથી બૈરી છોકરાંને બોલાવ્યાં હતાં જે ઉકમાઇની મુસાફરી વિષે આપણે આગળ એશારો કરી ગયા છીએ. વેપારી અને વ્હાણના માલેક દાખલ તેઓએ ગંજાવર બીઝનેસ સ્થાપ્યું હતું. એક વખતે તેઓ ખુદ **પૂર્વના શાહ સોદાગર** ગણાતા હતા. એમની પેઢી ઉપર સોનું રૂપું ગણવા સારૂ મહેતાજીઓની ફોજ ગોઠવાયા લાગતી. આજે એક કુટુમ્બ વિષે એમ કહેવામાં આવે છે કે તેમને ત્યાં દરરોજ શેર સોનું આવે છે. પણ રસ્તમજીને ત્યાં તો રોજનું ગોયા મણ સોનું રૂપું ભેગું થતું. ફરામજી કરતાં રસ્તમજી બહુ નસીબવાળા હતા; ફરામજી પાસે મોટી દોલત નહિ હતી; પણ રસ્તમજી માલે તુજાર થયા હતા. પાછળથી જમાનાની ગીર દેશને લીધે એઓ પર ભારે નુકસાની આવી પડી. કલકત્તામાં યુનિયન બેન્ક નીકળી હતી. આ બેન્કનું કામ unlimited હતું એટલે તેણે હદ બાહેર ઝીપલાવવા માંડયું. એના મોટામાં મોટા શેરહોલ્ડર રસ્તમજી શેઠ હતા. આ બેન્કે એકાએક દીવાળું કાઢયું. તેની સાથે રસ્તમજી પણ પડી ભાગ્યા. આ ગોયા તેમનાપર મોટી આફત હતી. કલકત્તે તેવણે પરમાર્થી અને પરગજુ ખાતાંઓ સ્થાપ્યાં હતાં એટલે દરેક બંગાળી, શું કામ

કે પરકોમ, એમની મદદે આવ્યો હતો. પણ એ ફટકામાંથી રસ્તમજી પાછા ઊઠી શકયા નહોતા. ફરામજીનાં મરણ પછી એવણ બીજેજ વરસે ગુજર પામ્યા હતા. તેમનાં મરણની નોંધ લેતાં ત્યાં આગળનાં સર્વેથી આગેવાન પત્રે તેમની જાબજા સ્તુતિ કરતાં તેવણે સુધારાની પહેલ કરી હતી એ વિષય ઉપર ખાસ ભાર મેલીને જણાવ્યું હતું. તેનાં છેવટનાં વાકયમાં રસ્તમજીના દીલગુરદા વિષે તે પત્ર જણાવે છે કે × × × Rustamji was extremely liberal while he had the means, and there must be many yet living who have felt his kindness when it was of the utmost value to them." વળી "Friend of India" કરીને એક બીજું પત્ર નીકળતું હતું તેણે ટીકા કીધા હતા કે, "× × × He was remarkable not only for his enterprising spirit but for his freedom from the prejudices of the East, and for a European cast of thought peculiar to his countrymen among Asiatics. In the days of his prosperity he gave like a 'merchant prince,' and sedulously emulated the example of his intimate friend, Dwarkanath Tagore." વાંચનારને કહેવાની જરૂર નહિ હોય કે આ દ્વારકાનાથ ટાગોર તે હાલના રવિન્દ્રનાથ

ટાગોરના વડવા અને બ્રહ્મો સમાજના મોટા હિમાયતી અને સુધારા વધારાના ચુસ્ત સેવક હતા. એમના સમાગમથી રસ્તમજીના આચાર વિચારો ઘણા છુટા થયા હોય એ નહિ બનવા જોગ નથી. રસ્તમજીના બેટા માણેકજીનું નામ જે જણાય છે તેવણ પોતાના ભાઇ દાદાભાઇ સાથે ચીનનો મોટો વેપાર ચલાવતા હતા અને કલકત્તામાં એક વખત નામીચા વેપારી હતા. તેવણ વળી ઇરાની કોન્સલનો ઓધ્ધો પણ ધરાવતા હતા અને સરકારે પાછળથી એમને કલકત્તાના એક શેરીફ દાખલ પણ નીમ્યા હતા.

રસ્તમજી ડૉકના માલેક.

આ રસ્તમજી મોટા મુસાફર હતા. ચીન, મદ્રાસ અને સીલોન તરફ કેટલીક વખત મુસાફરીઓ કરી હતી; અને છેક પાછળથી કલકત્તા ખાતે વસવાટ કરીને રહ્યા હતા. એવણ પહેલાં તો ટરનરની કમ્પનીમાં જોડાયા હતા અને પાછળથી એટલે ૧૮૧૯ માં ટરનરની કમ્પનીમાં ભાગીદાર થયા હતા. કીડરપોરનો જે મોટો ડૉક છે તે એવણે કેટલાક વેપારીઓની સાથે રૂપિયા સાડાત્રણ લાખે ખરીદયો હતો. એ ઉપરાંત શાલકીઆ ડૉક પણ રૂપિયા બે લાખે ખરીદયો હતો. ૧૮૩૭ માં જ્યારે રાણી વિકટોરીઆ ગાદીએ બેઠાં હતાં તેજ વર્ષે "કલકત્તા ડાઇંગ કંપની" હસ્તીમાં આવી હતી જેના રસ્તમજી સેક્રેટરી હતા.

ચાળીસ વ્હાણના વેપારી.

રસ્તમજી પોતાના હાથ હેઠળ ચાળીસ વ્હાણની માલેકી ધરાવતા હતા. એમાંનાં કેટલાંક જ્યારે બ્રિટિશ સરકારને ચીન સાથે લડાઇ જાગી હતી ત્યારે સરકારે ખરીદી લીધાં હતાં, અને તેની લખ્ખોથી ઉપજ આવતી હતી.

ખરશેદજી કાવશજી.

વંશાવળીમાં ફ્રરામજીના બીજા ભાઇ ખરશેદજીનું નામ જોવામાં આવશે. તેવણ પોતાની જીંદગી દરમ્યાન પારસીઓ વચ્ચે ઘણા માનપાન પામેલા થઇ ગયા હતા. તેવણે પોતાનો વેપાર ધંધો મુંબઇજ રાખ્યો હતો અને ઘણીક યુરોપીઅન પેઢીઓ સાથે તેઓ સંબંધ ધરાવતા હતા અને એમને ત્યાં મોટામોટા યુરોપીઅન અમલદારોની ચાલુ આમદ થતી. પોતે વેપાર ધંધામાં આગળ પડયા પછી પોતાના હમકોમીઓબી એમજ આગળ વધે એ ઇરાદાથી ઘણા હમકોમીઓને પૈસા ટકા તેમજ પોતાની સેવાની કીંમતી મદદ આપતા. મુંબઇમાં ત્રણ આતશ બહેરામો મુખ્ય ગણાતાં. પહેલ વ્હેલું આતશ બહેરામ ૧૭૮૩ માં દાદીભાઇ નશરવાનજી દાદી શેઠે બાંધ્યું હતું. બીજું ૧૮૩૦ માં હોરમસજી બહમનજી વાડીઆના બેટાઓએ પોતાના વડવાનાં પૂણ્ય અર્થે બાંધ્યું હતું અને ત્રીજું ૧૮૪૫ માં બનાજીનું આતશ બહેરામ બાંધવામાં આવ્યું હતું જ્યાં ફ્રરામજી કાવશજી, ખરશેદજી કાવશજી અને રસ્તમજીના

બેટા દાદાભાઇએ મોટો હિસ્સો ભર્યો હતો. ખરશેદજી પોતા પાછળ પોતાના બેટાઓ માટે સારૂં નાણું મૂકી ગયા હતા અને એક બેટા નવરોજીનો બેટો મંચેરજી વરસો સુધી મ્યુનિસિપાલિટિ મધે બેઠો હતો અને તેવણે જાહેર જીંદગીમાં ઉત્કટ ભર્યો ભાગ લીધો હતો.

ખરશેદજી એક મોટા વેપારી તરીકે.

ખરશેદજી પહેલ વ્હેલાં તો એક સાધારણ દુબાશ તરીકે કામ કરવા લાગ્યા હતા. પાછળથી એઓ રેમીંગ્ટન કમ્પનીમાં એક દલાલ તરીકે રોકાયા હતા અને પાટક અને કામાવાળાઓ સાથે ખરશેદજી કાવશજી અને કમ્પનીનાં નામે બહુ મોટે પાયે વેપાર ચલાવતા હતા. એવણ પાસેબી છ વ્હાણ હતાં અને કોલાબામાં જે ગ્રાન્ટસ બીલ્ડીંગસને નામે મકાન ઓળખાય છે તેના માલેક એવણ હતા. છાષ્ટીની આસપાસ સાતેક ગાંમડાંઓ એવણને સરકારે પહેલાં વાર્ષિક ભાડાંને પેટે આપ્યાં હતાં જે એવણે એટલાં સરસ રીતે ખીલવ્યાં હતાં કે પાછળથી સરકારે ૧૮૪૩ માં તે સર્વે એકદમ રૂપિયા ૩૦ હજાર લઇને એમના એમ એવણને સપુરદ કીધાં હતાં. એવણ સરકારના જસ્ટીસ ઓફ ધી પીસ ઉપરાંત પંચાયતના એક માનવંત ટ્રસ્ટી હતા. ૧૮૪૭ માં એવણ મરણ પામ્યા હતા. એવણની સખાવત એટલી બધી અને સાર્વજનિક હતી કે જ્યારે એવણ ગુજર્યા ત્યારે સર્વે કોમે એક અવાજે પોતાની દીલગીરી

પ્રદર્શીત કીધી હતી.

ફરામજીના બીજા ભાઇઓ એ રીતે વેપાર વણજ અને ધંધાધાપામાંજ ગોઠવાઇ ગયા હતા તે એવણની બોલબાળાથી.

બનાજી ખાનદાનનાં ૩૬ વ્હાણ.

શાહ પારસી વેપારીઓ.

"નૂરે એલમ"માં જણાવવામાં આવ્યું છે કે:—અગાઉ મુંબઈમાં વસ્તા માહાન પારસી વેપારીઓમાં જેટલી વેપારની ઉમંગ અને છટા હતી, તેટલી હાલના પારસી વેપારીઓમાં નથી, તે લીધે અસલી વેપારીઓને અમોએ શાહ વેપારીનું નામ આપ્યું છે. અગાઉ ફક્ત એખલાં એક પારસી કુટુંબના વેપારીઓમાં ૩૬ વાહાણ હતાં, તેની કેટલીક જાણવાજોગ તવારીખ નોંધના આકારે અમારા હાથમાં આવી છે, તે ઉપરથી તેને કંઇ ટપકાવી લઇએ છે કે રખે વખતના વહેવાથી આવી મોતેબર હકીકત આપણામાંથી ગુમ થઇ જતી રહે.

જે ખાનદાન વિશે અમે બોલીએ છીએ તે બનાજીનું ખાનદાન છે. તેઓના ધણીપણામાં જુદા જુદા રાજવાલાઓના વાવટા તળે સઘળાં મલી ૩૬ મોહોટાં વાહાણો હતાં, તેમાં મુખ્ય કરી ચીન અરીન લઇ જનારી "કલીપરો" હતી. તેમનાં માલેક કલકત્તાવાળા શેઠ રૂસ્તમજી કાવસજી અને તેમના નબીરાઓ શેઠો દાદાભાઇ રૂસતમજી અને

માણેકજી રૂસ્તમજી હતા. આ પહેડી કલકત્તા, મદ્રાસ, મુંબઇ, ઇરાની અખાત, મોલમીન, મોરીશીઅસ, સ્ટ્રેટ્સ ઓફ મલકા, બટેવીઆ, સીઆમ, મનીલા અને ચીન ખાતે વેપાર ધુમધુકાર ચલાવતી હતી.

આ કુંપનીને હસ્તકના કેટલાંક વાહણોની વીગત જાણવા જોગ છે જે અમારા હાથમાં આવવાથી નીચે આપીએ છીએ.

૧, સીલ્ફ.—આ નામીચી અફીમ લાવ લઈ જાવ કરનારી કલીપર કલકત્તામાં બાંધી હતી. તેની બાંધણી એવી હતી, કે ગમે તેવા મોહનો પવન ફુકે તેમાં ચાલી શકે. એકવાર આ કલીપરે કલકતાથી ચીન સુધીની સફર ન મનાઇ શકાય એટલી ટુક મુદતમાં યાને ૧૬ દાહાડામાં કીધી હતી. ૧૮૩૫ માં તે ચીન જતાં ભાંગી. આ વેળા તેમાં કીમતી અફીમ ભરેલું હતું. વાહાણને હાનરેબલ ઇસ્ટ ઇંડીઆ કુંપનીની મનવાર કલાઇવે બચાવ્યું, પણ મનવારને આ નોકરી બજાવવા થકી મોટી "સાલવેજ" ભરી આપવી પડી. સીલ્ફને ૧૮૪૧ માં ફરીથી બાંધવામાં આવી. એકવાર તે વાહાણ "કાવસજી ફેમીલી" સાથે અફીમ વેચવા સારૂં લંગર નાખીને પડી હતી, તે વેલાએ એક ચીનાઇ મનવારે તેનો ડુંબાલો ધરયો, પણ સીલ્ફ પોતાની ઘણી ઝડપી ચાલને લીધે છટકી જવા પામી. ચીનના લશ્કરના વડા આડમીરલ સર જાન ગારડન એમારે સીલ્ફને

મનવાર બનાવવા માટે સારી કીંમત આપીને ખરીદવા માંગી, પણ ધણીઓએ આ નામીચાં વહાણને વેચવા ના પાડી.

૨—કાવસજી ફેમીલી—આ ધણીજ મજબુત કલીપર ૧૮૩૬ માં કલકતામાં બાંધવામાં આવી હતી. તેનો કપતાન રાબરટ વાલેસ નામનો હતો. ચીન અને કલકતા વચે તે એક વરસમાં આઠ સફર કરતો હતો. ૧૮૪૧ માં સીલ્ફની જોડે તેની પુઠેબી પંદર ચીનાઇ મનવારો લાગી, પણ કાવસજી ફેમીલીના કપતાને મરદાનગીથી તેઓ સાથ લડી તેમાની કેટલીકોને માર મારી છટકી જવા પામીઓ. આ માનીતું વાહાણ પછવાડેથી મસકતના સુલતાને ખરીદ કરી તેની મનવાર બનાવી તનું નામ "પ્રીન્સ ઓફ વેલ્સ" પાડીયું.

૩—રૂશતમજી કાવસજી—આ વાહાણ ચીન ખાતે શેઠ દાદાભાઇ રૂસતમજીની પહેડીને માટે કલકત્તામાં બાંધવામાં આવ્યું હતું, અને શેઠ દાદાભાઇના પીતાના નામ ઉપરથી તેનું નામ રૂસતમજી કાવસજી પાડયું હતું. આ વાહાણના દેખાવની ઘણી તારીફ કરવામાં આવી હતી. ૧૮૪૦ માં ચીનની લડાઇની વેળાએ, તેને વડી સરકારે ચારટર કીધું હતું. ૧૮૫૦ માં કલકત્તાથી ચીન જતાં તે ડુબું, અને તે ઉપરનાં ખલાસીઓ, ઉતારૂઓ, લેડીઓ, ગ્રહસ્થો, ચાર હજાર ગાંસડી રૂ, અને કીંમતી અફીણની પેટીઓ સઘળું પાયમાલ થઇ ગયું.

૪—ફરામજી કાવસજી—આ ફ્રકડ વાહાણ ઘણાજ સરસ દેખાવનું એક હજાર ટનનું શેઠ રૂસતમજી કાવસજીને માટે કલકત્તામાં બાંધવામાં આવ્યું હતું, અને મુંબઇના જાણીતા મરહુમ અકાબર શેઠ ફરામજી કાવસજી જેઓ રૂસતમજીના ભાઇ થાય તેમનું નામ આપ્યું હતું. આ વાહાણને દરીઆમાં ઉતારતી વેળાએ ગવરનર જનરલ વગેરેની હાજરીથી મોટી રચના થઇ હતી. વાહાણની બાંધણી લશકર લાવ લઇ જાવ કરવાને ઘણી લાયક હોવાથી દરીઆમાં ઉતરતાંજ વડી સરકારે તેને ચીનની લડાઇને માટે ચારટર કીધું. ૧૮૪૧ માં હાંગકાંગ આગલ તે સખત તુફાન ખાઇ ગયું, અને ભાગું. શેઠ રૂસ્તમજીની પહેડીએ વાહાણને ઇંગલાંડ મોટે ખરચે મોકલ્યું, પણ તાંહાંથી પાછું ફરતાં ઘણાક અકસમાત નડયાથી બારકસ રદ થયું અને કાહાડી નાંખવામાં આવયું.

૫—ખરશેદજી કાવસજી—આ વાહાણ વેલાતમાં બાંધેલું હતું, તેને ચીનમાં ખરીદ કરી કલકતામાં નવેસરથી સમારવામાં આવ્યું, અને શેઠ દાદાભાઇ રૂસતમજીના કાકાનું નામ આપવામાં આવયું. પછવાડેથી એક અરબ વેપારીએ તેને ખરીદ કીધું અને સફરમાં ચીનનાં દરીઆમાં ડુબી ગયું."

આ રીતે બીજાં ૩૧ વ્હાણોની ટુંક તવારીખ આપવામાં આવી છે જે સર્વે ઉપરથી જણાય છે કે એ સઘળાં વ્હાણો ચીન, બરમા, કલકત્તા, સીંગાપૂર, મદ્રાસ વિગેરે

ઠેકાણે ફરતાં હતાં અને તેઓમાં ઘણો ખરો રૂ, અફીણ, સાગનુ લાકડું; નગદ નાણું અને ખુદ ઇસ્ટ ઇન્ડીઆ કમ્પનીના દસ્તાવેજો વટીક લાવ લઇજા કરવામાં આવતા હતા. કેટલાંકમાં સરકારના સીપાઇઓને લડાઇ દરમ્યાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લાવ લઇજા કરવામાં આવતા હતા. ઉપલુંજ પત્ર આગળ જણાવે છે કે:—"આ મસ વાહાણો ઉપર ખરચખી મસ થતો હતો. દરેક વાહાણ ઉપર દર માસે ચાર હજારથી સાત હજાર રૂપીઆ પગારના વેહેંચાતા હતા યાને જો રૂપીઆ પાંચ હજારનીજ સરાસરી લઇએ તો દર માસે ૨૬ વાહાણો ઉપર માણસોનો પગાર રૂા. ૧ લાખ ૩૦ હજારનો થતો હતો."

સુનાઇજી રેડીમની.

રેડીમની કુટુમ્બની સાથે પણ બનાજી ખાનદાનનું જોડાણ છે. રેડીમનીઓ મુંબઇમાં લગભગ ૧૭૨૮ માં મંડાયા હતા. પહેલ વ્હેલા નવસારીથી આ ખાનદાનના વડવાઓ અત્રે આવ્યા હતા. તેઓમાં હીરજી જીવણજી સૌથી આગળ વધેલા હતા. એવણે પુષ્કળ દોલત ભેગી કરી હતી. એમનાં ત્રણ દીકરીઓમાં સૌથી વડાં સુનઇજી કરીને હતાં. એવણ નશરવાનજી રૂસ્તમજી બનાજી સાથે પરણ્યાં હતાં. સુનઇજી ટુંકમાંજ વિધવા બન્યાં હતાં. એવણને પાંચ બેટાઓ થયા હતા જેમાંના વડા જહાંગીર તે હાલનાં સર ખાનદાનના સ્થાપક હતા. એવણના દીકરા તે

સર કાવશજીના બાવા. સુનાઇજી ગરીબની બહુ દાઝ રાખતાં અને પારસી કોમની અગ્યારી, આદરાનોની પણ બરદાસ્ત રાખતાં હતાં. પોતાના ખાવિંદની મિલ્કતનો સર્વે બંદોબસ્ત પોતેજ રાખતાં અને દરેક રીતે છુપી સખાવતો કરતાં. તેવણુને માટે કહે છે કે તેઓ ગોયા એક સખાવતી ખાતાં મીસાલ હતાં. નવરોજી ચાનદારૂ લકએ હલકારૂ પોતાનાં "મુંબઇ ચાબુક"માં સુનાઇજી માટે નીચલા સખુનો લખે છેઃ—

"ખોદાશાહેદ છે કે સુનાબાઇ ઘણીજ પનોતી અને પાકદામાન પરહેજગાર ઓરત હતી. દુઃખીઆરીની દાઈ, સુખીઆરીની સહી, પીએરની પનોતી અને સાસરાની શોભીતી, શોની સાસુ, સહસ્રની માએ, હજારોની જેઠાણી અને લખોની શેઠાણી તે સુનાબાઇ હતી!"

આ સુનઇજીનાં નામથી આજે પણ ગોવાળ્યા તળાવપર દરેહમહેર આવેલી છે, જેને આપણે સુનઇજીવાળી અગ્યારી કહીએ છીએ.

બનાજી લીમજીની પુરાણી દરેહમહેર.

આખાં મુંબઇ શહેરમાં સૌથી પુરાણી દરેહમહેર બનાજી લીમજીની છે. તે કોટમાં ૧૭૦૮ માં બંધાવવામાં આવી હતી. હાલમાં તો ત્યાં જરથોસ્તીઓની ખીચોખીચ

વસ્તી છે. પણ આજથી બસો વરસ ઉપરની વાતપર ત્યાં તેવું કશું હતું નહિ. ખુદ આખાં મુંબઇની તે વખતે વસ્તી બધું મળીને પાંચ હજારની થવા જતી હતી. કાવસજી પટેલના મહોલામાં જ્યાં દફતર આશકારા પ્રેસ વાળું મકાન હતું, ત્યાં મુંબઇનો ગવરનર રહેતો હતો. અહિંયાંજ જરથોસ્તીઓની ઘણી મોટી વસ્તી રહેતી હતી. આતશ બહેરામને તખતનશીન કીધા પછી ૧૩૫ વર્ષે તેનું સમારકામ કરવામાં આવ્યું હતું જે વખતેબી બનાજી ખાનદાનના સાત સાહેબોએ રૂ. ૨૩૦૦૦ની રકમ ભરીને નવેસરથી બંધાવ્યુ હતું. વળી પંચાયતની સમસ્ત અન્જુમનને લગતી સભાઓ આ દરેહમહેરમાં ભરાતી હતી અને પારસી સંસારી મુકદમાઓ પણ અત્રેજ ચુકવવામાં આવતા હતા. ખુદ બનાજી વાળાઓબી અહિંયાંજ આસપાસ રહેતા હતા. પંચાયતનાં અગત્યનાં ઓંચર્યાંઓ અને દસ્તાવેજો તેમની પાસેજ રહેતા હતા. હમણાં જ્યાં સર જમશેદજીની સ્કુલ છે ત્યાં શેઠ અરદેશર દાદાભાઇનો તબેલો આવ્યો હતો. અહિંયાં ૧૮૦૩ માં મોટી આગ લાગી એથી લગભગ પોણું કોટ બળી ગયું હતું; અને લીમજી બનાજીનાં ત્રણ આલીશાન મકાનોબી બળીને ખાક થયાં હતાં જેમાં પંચાયતનાં કાગળ્યાંઓનો પણ નાશ થયો હતો. આ આદરીઆનની ૨૦૦ માં વર્ષની સાલગીરેહ ૧૯૦૮ માં પૂર ધામધુમથી ઉજવવામાં આવી હતી જેની ક્રિયા નાયબ દસ્તુર મીનોચેહેર જામાસ્પજી જામાસ્પઆસાનાએ કરી હતી. કોટની બના-

જીની અગ્યારીમાં આજ સુધી જશનો અને ધાર્મિક મેળા-વડાઓ થાય છે.

બાબુ માણેકજી બનાજી.

માણેકજી બનાજી રૂસ્તમજી બનાજીના બેટા થતા હતા. તેઓ કલકત્તાના નામીચા વેપારી હતા. એવણુ કલકત્તાવાસીઓમાં ઘણા લોકપ્રીય થઇ પડયા હતા તેથી એવણુને બાબુ માણેકજી કહેવામાં આવતા. એવણુ કલકત્તાના એક વખતના શેરીફ હતા અને એજ પદવીએ એમના બેટા હીરજીભાઇનેબી ચઢાવવામાં આવ્યા હતા. પાછળથી ૧૮૯૮ માં બંગાળના લફ્ટનન્ટ ગવરનર સર હેનરી પ્રીન્સેપે એવણુની તસવીર ખુલ્લી મેલી હતી ત્યારે માણેકજી બાબુની ૫૪ વરસની આંટ અને કીર્તિ માટે જાબજા તારીફ કરી હતી. હીરજીભાઇ ૬૦ વર્ષની ઉમરે ગુજર્યા હતા અને સરકારે એમને સી. આઇ. ઇ. નો એલ્કાબ વટીક આપ્યો હતો. હીરજીભાઇએ પોતે એટલી સરસ કીર્તિ અને માન મેળવ્યાં હતાં કે એમનાં મરણ બાદબી કલકત્તાની ખાસો આમ પ્રજા એમના આભાર હેઠળ હતી. એથી એમના બેટા રૂસ્તમજીની એમની દરેક જગ્યાએ નેમણુંક કરવામાં આવી હતી. જ્યારથી કલકત્તાની કોરપોરેશન હસ્તીમાં આવી ત્યારથી તે છેક રૂસ્તમજીના વખત સુધી બનાજી ખાનદાનના નબીરાઓ તેમાં બીરાજતા હતા. ખુદ ફ્રીમેસન લોજમાં પણ એમજ બન્યું હતું અને કલકત્તાની અન્જુ-

મનમાં પણ તેજ દાખલાની નકલ કરવામાં આવી હતી. ફ્રીમેસનોએ તો હીરજીભાઇનાં નામથી એક નવી લૉજ ઊભી કીધી હતી જેનું નામ આજ સુધી "લૉજ એચ. એમ. રૂસ્તમજી" કરીને છે જયારે માણેકજી ગુજરી ગયા ત્યારે તેમની યાદમાં નવી પારસી ધર્મશાળા બાંધવામાં આવી હતી.

રૂસ્તમજી કાવશજી.

૧૮૭૩ માં રૂસ્તમજી જ્યારે મરણ પામ્યા ત્યારે અનેક પત્રોએ એમની તારીફ કરી હતી જેમ કરતાં કલકત્તાનાં Oriental પત્રે જણાવ્યું હતું કે:–He was a gentleman in the largest sense of the word, full of commercial enterprise with a taste for manufacture and a high idea of the value of an English education. Living in Calcutta at a time when great undertakings found development and support, through the practical patronage of such men as Lord Bentinck, Sir C. Metcalfe and Lord Auckland, Rustamji Cavasji was always among the foremost to give the aid of his purse and personal example in the promotion of useful objects. × × ×

સમાપ્ત.

શોધો. છુપાં મનપર સુચનાશકિતની ભેદી અને ચમત્કારીક અસરો. છુપું મન શરીરના દરેક ભાગ અને અવયવ ઉપર કેટલો કાબુ ધરાવે છે તેના હિપ્નોટિઝમના કરવામાં આવેલા પ્રયોગથી પુરાવા. ઉંઘમાં દુઃખ દરદો કેમ સાજાં કરવાં, માઠી ટેવો કેમ સુધારવી, અભ્યાસને માટે છુપી મનશકિત કેમ ખિલવવી, ખોવાયલી ચીજો કેમ શોધવી તે માટે વહેવારૂ સુચના (દાખલા સાથે); મજબુત સુચના શકિતથી મોત અને શરીરમાં ઝહેર કેમ ઉત્પન્ન થાય છે તેના ખરા બનેલા દાખલા. મનના ભારે જુસ્સા તંદરોસ્તી બગાડે છે; એક માતા પોતાની મનશકિતથી પેટમાંના છોકરાં ઉપર ભેદી અસર કરી પોતાની ધારણા પ્રમાણેનું બચ્ચું બનાવી શકે (દાખલા સાથે); લાગણી દરદો કેમ ઉત્પન્ન કરે છે? મનથીજ સઘળાં દુઃખ દરદો ઉત્પન્ન થાય છે અને સાજાં થાય છે. (તબીબોનાં મતો)

પ્રકરણ ૩ જું:—છુપાં મનનો દુઃખ દરદો સાજાં કરવાનો જાતી ગુણ.—શરીરપર કાબુ કેમ મેળવવો તેની સમજણ. હસવાથી અને ખુશાલ સ્વભાવથી દુઃખ દરદ સાજાં કરવાની રીત. શ્વાસ ક્રિયાથી તંદરોસ્ત બનવાની રીત. **મોતપર કાબુ મેળવવાની રીત.** ઇચ્છાશકિતનાં બળ (will-power) થી મોતમાંથી બચેલાં માણસોના ડાકટરોએ આપેલા દાખલાઓ. **નસીબપર કાબુ મેળવવાની રીત.** ઇચ્છાશકિતનાં બળથી મોત સામે બચાવ કરવાની રીત. નસીબનું બંધારણ ગુપ્ત રીતે કેમ થાય છે તેની સમજણ. કલ્પના શકિત (imagination), મનની એકાગ્રહતા (concentration) અને ઇચ્છા શકિત (will power) એ ત્રણને ખિલવી, નસીબપર કાબુ મેળવવાની રીત. જાતી ભોગ અને પ્યારની નસીબપર અસર.

કીંમત આના બાર.

પુર્વ તથા પશ્ચીમના વિદ્વાનોનાં લખાણો અને શોધને આધારે વિચારવાજોગ વિચારોનો સંગ્રહ.

મોતનો ભેદ.

ગુજરેલાંની દુન્યા રૂહોના સંદેશા (ચીત્રો સાથે)

લખનાર—**બેહમન સો. જહાં બનાજી—કીંમત રૂ. ૨.**

ભાગ ૧ લો—મોતની ઉત્પતી મોતનો ખ્યાલ મોત થવાના જુદાં જુદાં કારણો. મોત પારખવાની રીત. અકાળ મોતે મરતાઓના દાખલાઓ અને **અટકાવ.**

ભાગ ૨ જો—મરતી વખતની હાલત. મરતી વખતની શરીરની હાલત. મરતી વખતે મહાન નરોએ રજુ કરેલો અનુભવ. પેલી જહાનમાંથી જણાતો મરતી વખતનો દેખાવ.

ભાગ ૩ જો—આત્માની હસ્તી અને અમર્ગી. મરણ પછીની હાલત વિષે જાણવાની જરૂર. આત્માની હસ્તીના પુરાવા. આત્માની અમરગીના પુરાવા.


ભાગ ૪ થો—મીનોઇ જહાન, બેહસ્ત અને દોજખ. મરણ પછીની હાલત મીનોઈ જહાન અને બેહસ્ત. એક મહાન પારસી યોગી, આઝર કયવાને જોયલા મીનોઇ દુનયાના દેખાવો. બેહશત અને દોજખ વિશે મનની વિદ્યાના પુરાવા. બીજી દુનયામાં માણસની જીંદગી.

ભાગ ૫ મો—ગુજરેલાં સાથના સંદેશા વડે મરણ પછીની હાલત. ગુજરેલાંના ફોટોગ્રાફ. ગુજરેલાં સાથે કેવી રીતે સંદેશા ચલાવવામાં આવેછે—ચેતવણી. ગુજરેલાનું રૂહ શરીર અને કપડાં વડે દેખાવ દે છે. જાણીતા મરહુમ કવીઓ અને ફિલસુફોના રૂહના મીનોઇ જહાનના હેવાલો ગુજરેલા માટે બંદગી કરવાથી તેઓના રૂહને મળતી રાહત—ધર્મ ક્રીયાની ગુજરેલા પર અસર—માથ્રવાણી. સેવટનો બોલો. રૂહના ફોટોગ્રાફ અને સંદેશાના પુરાવા.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઇ.

(૧) આસાજી, (૨) અસપંદીયારજી, (૩) રૂસતમજી, (૪) લીમજી, (૫) બનાજી જ.૧૬૫૪ મ.૧૭૩૪

(૬) બેરામજી જ.૧૬૮૧ મ.૧૭૫૩ (૭) કાવસજી જ.૧૭૪૦ મ.૧૮૩૪



આ વંશાવળી ફક્ત મરહુમ શેઠ ફરામજી કાવસજી બનાજી નાં વારસોની છે.